શૈશવ

બાળ અધિકાર સંસ્થા

# વાર્ષિક અહેવાલ

## ૨૦૨૦-૨૧



શૈશવ

બાળ અધિકાર સંસ્થા


ટ્રસ્ટી મંડળ

૧ શ્રી ફાલ્ગુન શેઠ

૨ શ્રી પારૂલ શેઠ

૩ શ્રી નિમિષા દેસાઈ

૪ ડો. પંકજ શાહ

૫ ડો. એસ. શ્રીધર

૬ શ્રી અનિતા શાહ

૭ શ્રી સંજય દેસાઈ

૮ શ્રી સંગીતા ગરત

૯ ડો. પારસ મહેતા

૧૦ શ્રી જતીન જલુંધવાલા


## અમારી દષ્ટિ

શાંત, સમૃધ્ધ, ન્યાયપૂર્ણ અને માનવીય સમાજની પાયાની સંકલ્પના સાથે દરેક પોતાની વ્યકિતગત ક્ષમતાઓના ઉચ્ચત્તર વિકાસ દ્વારા સ્વાવલંબી બને, સમાજના સાતત્યપૂર્ણ વિકાસમાં યોગદાન આપે તેવા જવાબદાર નાગરિક બને.

સ્વસ્થ બાળક... સ્વસ્થ માનવ... સ્વસ્થ સમાજ...

## અમારું ધ્યેય

**દરેક બાળકને તમામ અધિકાર સમાન રીતે મળે.**

**સંસ્થા મુખ્ય કાર્યાલય :**


શૈશવ
બ્લોક નં.૩, બીજે માળે, બી-વિંગ,
સરદાર પટેલ મ્યુનિ.શોપીંગ સેન્ટર,
સરદારનગર સર્કલ, ભાવનગર-૩૬૪ ૦૦૧.
ફોન : ૦૨૭૮ ૨૫૬૮૫૬૧, ૯૩૭૬૪૨૮૫૬૭
E-mail : info@shaishavchildrights.org
Web. : shaishavchildrights.org

રજી. ઓફીસ : શૈશવ, આઈ/૧૦૦૩, ઈન્દ્રપ્રસ્થ, ડ્રાઈવઈન થીએટર પાસે, થલતેજ રોડ, અમદાવાદ.

**નર્મદા જિલ્લા કાર્યાલય : આરણ્યક**
મુ.પો. થવા (નેત્રંગ-ડેડીયાપાડા રોડ),
તા. નેત્રંગ


- સંસ્થાને મળતું દાન ઈન્કમટેક્ષ એકટ હેઠળ ૮૦ (જી)(૫) મુજબ ૫૦ % કરમુકિતને પાત્ર છે.
- સંસ્થાને વિદેશી સહાય મેળવવા માટે જરૂરી મંજૂરી મળેલી છે.

# વિહંગાવલોકન :



જાન્યુઆરી'૨૦૨૦માં શૈશવના બાળકો સાથેના કાર્યોના ૨૫ વર્ષ પૂરા થયા તેના અનુસંધાનમાં નાનો પણ સુંદર કાર્યક્રમ બે દિવસનો યોજાયો ત્યારે ખ્યાલ ન હતો કે આવનારું વર્ષ સમગ્ર વિશ્વ માટે પડકાર બની રહેશે!માર્ચ મહિનામા અંત સુધીમાં કોવિડ-૧૯ની મહામારી વ્યાપક સ્તરે શરૂ થઇ ગઇ!સમગ્ર વિશ્વ થંભી ગયું!કેમ?શા માટે? ક્યાંથી?કેવી રીતે?હવે શું કરવું? ઉપાયો-ઉકેલો? જગતના દરેક પ્રકારના તંત્રો સામે પડકારોની હારમાળા ઉભી થઇ ગઇ ?

જો કે સૌ સમજણના સથવારે, એકમેકના અનુભવો, તારણોના આદાનપ્રદાન દ્વારા જુદા જુદા રસ્તા કરવાના પ્રયત્નો કરવા લાગ્યા!સમજાયું કે આ તો લાંબાગાળા સુધી ચાલવાની મહામારી છે એટલે થંભી ગયેલ જીવન ફરી પાટા પર લાવવાના પ્રયત્નો શરૂ થયા. શૈશવ અને તેનું કાર્ય પણ આ વિશાળ પ્રશ્નમાંથી બાકાત કેવી રીતે રહી શકે ? વર્ષ ૨૦૨૦-૨૧ માટે કરેલ વાર્ષિક આયોજન ખોરવાયું!

લોકડાઉન શરૂ થયું તે પહેલા કોરોનાના લક્ષણો તથા તેની સામે સાવચેતીના પગલાં અંગે શહેરના વિસ્તારમાં બાળકો તથા વાલીઓ સાથે ચિત્રાત્મક ફલીપ બુક તથા પત્રિકા વિતરણ દ્વારા કાર્યકરોએ સમજ આપવાનું કાર્ય કર્યું, તો બીજી તરફ બાળકો સાથે પ્રવૃત્તિઓ કરવામાં મર્યાદાઓ આવી પરિણામે વિસ્તારનાં બાળકો સાથે ફોન-સંપર્ક દ્વારા તેઓના ખબર અંતરની સાથોસાથજાગૃતિ અંગે, તેઓના પ્રશ્નો અંગે વિશેષ વાર્તાલાપ કાર્યકરો દ્વારા કરવામાં આવી રહ્યો હતો.

આપણે ૧૦૯૮-ચાઇલ્ડ હેલ્પલાઇન ચલાવીએ છીએ અને તે આવશ્યક સેવાઓ હેઠળ આવે એટલે બાળકો સાથેના વર્તન-વ્યવહારના પ્રશ્નો, તેઓને સહાય મેળવવામાં, શેલ્ટર અપાવવા જેવા વિવિધ કાર્યો સાવચેતી અને સલામતી સાથે વિવિધ સરકારી વ્યવસ્થાઓ તથા સંસ્થાઓના સહયોગથી સતત કાર્યરત રાખવામાં આવી હતી.

ભાવનગર ઉપરાંત નર્મદા જિલ્લાના ડેડીયાપાડા તાલુકાનાં ૫ ગામોમાં આપણે જ્યાં કાર્યરત છે ત્યાં છેવાડાના એવા કુટુંબોને શોધ્યા કે જેમને રાશનની જરૂરિયાત હોય આ માટે ભાવનગરમાં દિવ્યભાસ્કર ફાઉન્ડેશન તથા ડેડીયાપાડામાં ડો. હરેશભાઇ શાહ (અંકલેશ્વર)ની મદદથી લગભગ ૫૫૦ કુટુંબોને રેશન કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આવા પ્રસંગોમાં થોડા નકારાત્મક અનુભવો ને ભૂલી જઈએ તો હકારાત્મક અનુભવો આપણને પ્રોત્સાહન આપતા હોય છે.

બાલસેનામાં જોડાયેલા બાળકોમાંના કેટલાક કુટુંબો ખૂબ જરૂરિયાતવાળા હોવા છતાં આ જ બાળકો અમને એવા કુટુંબો પાસે લઇ ગયા કે જેમને ખરેખર વધુ જરૂરિયાત હોય, અને ત્યાં કીટ વિતરણ કરાવી!આમ બાળકોએ અમને ફરી-ફરીને મૂલ્યોનાં દર્શન કરાવી એ ખાત્રી કરાવી કે જો બાળક પણ સચવાય જાય તો નિસ્બત ધરાવતા નાગરિકોનું નિર્માણ અવશ્ય થાય છે!

શરૂઆતમાં શાળાઓ બંધ થઇ ગઇ, અમે પણ થોડો સમય વિસ્તારોમાં જઇ શક્યાં ન હતાં પણ આ તો મહામારી વધતી જ રહી. કંઇક તો કરવું રહ્યું એટલે ઓનલાઇન શિક્ષણનો પ્રયાસ શરૂ થયો જો કે મર્યાદા અનેક! નેટવર્કના પ્રશ્નો, સ્માર્ટ ફોન હોય ના હોય, કુટુંબનાં બાળકોના ભાગે કયારે આવે ? એક તરફી કમ્યુનિકેશન... જે બાળકો સાથે કામ કરીએ છીએ તેઓની સ્થિતિને સમજવા સર્વે કર્યો, તારણો મુંઝવણરૂપ બની રહ્યાં હતાં!જરૂરિયાતને કારણે કયા બાળકોએ ફરી મજૂરીમાં જવાનું શરૂ કર્યું તેનો પણ સર્વે કર્યો!સમય અને સંજોગો ઘણું-ઘણું શીખવી રહ્યાં છે. રોજીરોટીના પ્રશ્નો, સ્થળાંતર, અનિયમિત અભ્યાસ, કંઇ જ કર્યા વગર બાળકોને ઘરમાં બેસી રહેવાનું.... આ બધી સ્થિતિ બાળકોને મજૂરી કરવા તરફ પણ દોરી રહી છે! જો કે નાના-નાના ગ્રુપમાં બાળકો સાથે વિસ્તારોમાં કાર્ય શરૂ કયું, વિસ્તારમાં લોકો અને બાળકોની ટેવો બદલવી જરૂરી બની!માસ્ક પહેરવું-હાથસાબુથી ધોતા રહેવાં એવા અનેક પ્રશ્નો પણ ધીરજથી સમજાવતાં-સમ જાવતાં કાર્ય કરીએ અને બાળકો અભ્યાસ તરફ હકારાત્મક રીતે જોડાયેલા રહે તેનો પ્રયત્ન કાર્યકરો કરી રહ્યા છે. 'ફળીયા નિશાળ'- એક નવતર ઉકેલ અમને દેખાયો!

આ દરમ્યાન અમે બાળકોને ગમ્મત સાથે જ્ઞાન મળે, તેઓની સર્જનાત્મક શક્તિ ખીલે, તેઓ જાતે વિચારતા થાય-જવાબદારી લેતા થાય, પ્રશ્નો ઉકેલતા શીખે આ બધા જીવન કૌશલ્યો તથા અભ્યાસની રસ-રૂચિ વધે તેવા હેતુથી લગભગ ૧૨૫ ઉપરાંત જાતે કરી શકે-શીખી શકે તેવી પ્રવૃત્તિઓ ધરાવતી શૈક્ષણિક કીટ-પ્રવૃત્તિ પોથીનું નિર્માણ કર્યુ અને લગભગ ૨૦૦૦ જેટલા બાળકોને શૈશવના વિસ્તાર ઉપરાંત અન્ય સંસ્થાઓના વિસ્તારો માટે વિતરણ કરવામાં આવી જેનો ઉમદા પ્રતિસાદ મળ્યો! બાળકો તથા વયસ્કોને પણ આ પ્રયાસ ખૂબ જ ગમ્યો.

કાર્યકરોએ પણ આ પ્રવૃત્તિપોથી બાળકોને વિતરણ તો કરી પરંતુ સાથોસાથ નાના-નાના જૂથમાં બાળકોને અગ્રેસર કરી પ્રવૃત્તિઓ કરી તેના પરિણામે ઘણાં વિસ્તારોમાં બાળકો આ પ્રકારની અન્ય પ્રવૃત્તિ/પ્રોજેકટ શોધી તેના જેવું બનાવતા થયા. આમ તેઓ જાતે પહેલ કરતાં થયા એ જ અમારા માટે વિશેષ ઉપલબ્ધિ હતી!

આ દરમ્યાન શૈશવની પ્રવૃત્તિઓના શુભેચ્છક પ્રો. શ્રી ઇન્દીરાબહેને બાળકોના શિક્ષણની મુશ્કેલીને ધ્યાનમાં લઈ અમને ટેબલેટનો ઉપયોગ કરવા અંગે માત્ર સૂચન જ ન કરતા શ્રી અશોક હિરવે ફાઉન્ડેશન દ્વારા ટેબલેટ, લેપટોપ વગેરે મોકલાવ્યા! ટેકનોલોજીની મદદથી ઘરઆંગણે શિક્ષણ કાર્ય શરૂ કરી શકે. અમે જોયું કે સ્માર્ટફોનની અનેક મર્યાદાઓ બાળકોને નડતી હતી તેથી ટેબલેટમાં અગાઉથી GCERT NCERT ના અભ્યાસક્રમ આધારિત ધોરણવાઇઝ જે પણ ડીજીટલ સ્વરૂપમાં ઉપલબ્ધ હતું તે ઉપરાંત દિશા એપ, તથા અન્ય પ્રોગ્રામ ડાઉનલોડ કરી લીધા. કાર્યકરો ફિલ્ડમાં લઇને જાય અને ધોરણ પ્રમાણે નાના-નાના ગૃપમાં ટેબલેટ પર ડીસપ્લે કરી બાળકોને અભ્યાસ કરાવતા હતા. આ સત્રો ઉત્સાહજનક બની રહ્યા. બાળકોને વિઝ્યુઅલની મદદ મળવાથી વિષયવસ્તુને સારી રીતે સમજતા થયા, ન સમજાય તે પૂછે, જરૂર પડે પુનરાવર્તન થાય, કાર્યકર મદદ કરે આમ ટુ-વે કમ્યુનિકેશન થાય, પીયર ગૃપ લર્નીંગ થાય એનાથી ફેર પડતો જોઇ શકાયો. નેટવર્ક મળે ના મળે કે પછી ઘરમાં સ્માર્ટફોન હોય ન હોય પણ બાળકોનું શિક્ષણ જળવાઇ શક્યું! એટલે નવતર શીખ એ મળી કે ટેકનોલોજીનો વાસ્તવિકતાને ધ્યાનમાં રાખી ઉપયોગ કરીએ તો વધુ ફળદાયી બની શકે છે. એક રસ્તો એ થયો કે જેમના ઘરોમાં સ્માર્ટ ટીવી હોય તો પેન ડ્રાઇવની મદદથી ફળિયા નિશાળ ડીજીટલ બની શકે!વાઇ-ફાઇ કે નેટવર્કની મદદ મળે તો ઉત્તમ પરંતુ આ તો જ થઇ શકે!આ અંગે બાળકો તથા વાલીઓના પ્રોત્સાહક પ્રતિભાવો મળ્યા છે. આ પ્રવૃત્તિ હવે અમે વધુ સઘનપણે ચલાવવાનું નક્કી કર્યુ છે.

અન્ય પ્રવૃત્તિઓ પણ નાના-નાના પાયે સ્થાનિક સ્તરે થતી રહી પણ વિશેષ તો શૈશવ દ્વારા કિશોરીઓ અને બહેનોની સુરક્ષા અને સલામતી માટે વિશિષ્ટ અભ્યાસક્રમ 'વેનલીડો' વિકસાવવામાં આવ્યો છે. આ વર્ષે કોરોના મહામારીને લીધે પ્રત્યક્ષ તાલીમ કરવી મુશ્કેલ હતી તેથી જેઓએ અગાઉ વેનલીડોની એડવાન્સ અથવા તાલીમકાર બનવા માટે તાલીમ લીધી હોય તેવા દેશભરનાં બહેનો સાથે વિશેષ પૂર્વ તૈયારીઓ કરીને સઘન ઓનલાઇન તાલીમ યોજી પડકાર ઉપાડ્યો હતો, પરિણામે ૧૬ બહેનો તૈયાર થઇ હતી.

આ ઉપરાંત વચ્ચેના સમયગાળામાં જ્યારે કોરોના મહામારીની અસર ઓછી હતી ત્યારે પૂરતી કાળજી અને સલામતી સાથે ગુજરાતમાં ૭ ક્ષેત્રીય પ્રત્યક્ષ તાલીમો દ્વારા ૧૪૨ બહેનોને બેઝીક તાલીમ આપવામાં આવી અને તેમાંથી પસંદ થયેલ ૨૦ બહેનોને એડવાન્સની ૧૦ દિવસની પ્રત્યક્ષ તાલીમ આપવામાં આવી હતી. જો કે ફરી મહામારી વધતા તાલીમકારો માટેની તાલીમનો અંતિમ તબક્કો હાલ મુલત્વી રાખવામાં આવ્યો હતો.

આ સમય અમને વિશેષ કરીને શૈશવના કાર્યકરોની સજ્જતા અને ક્ષમતાવર્ધન માટે ઉપયોગી બની રહ્યો. સામાન્ય કેટલીક તાલીમો ઉપરાંત વિશેષ કરીને પ્રવૃત્તિ આધારિત જીવન કૌશલ્યોની તાલીમો, બાળમનોવિજ્ઞાન તથા બાળકોમાં કોરોનાની સ્થિતિને લઇને ડર-ફોબિયા કે તણાવ, ચિંતા, અભ્યાસના પ્રશ્નો વગેરેમાં કેવી રીતે કાર્ય કરવું-કાઉન્સલીંગ કરવું તે અંગે, આર્ટ અને પ્લે થેરાપી, બાળકોના અધિકાર, જુવેનાઇલ જસ્ટીસ સીસ્ટમ, ધોરણ અને વિષય પ્રમાણેની પ્રવૃત્તિઓ કે પછી શૈશવે વિકસાવેલ ખાસ પ્રવૃત્તિપોથી વગેરેની તાલીમો પ્રત્યક્ષ તથા ઓનલાઇન કરવામાં આવી હતી. આ તાલીમો શૈશવના સીનીયર કાર્યકરો ઉપરાંત બહારના તજજ્ઞો દ્વારા આપવામાં આવી હતી.

આ સમય દરમ્યાન બહારની અન્ય સંસ્થાઓના કાર્યકરોને કિશોરાવસ્થામાં થતા શારિરીક, માનસિક અને ભાવનાત્મક ફેરફારો અને જીવન કૌશલ્યો, વેનલીડો, પ્રવૃત્તિપોથી અંગેની તાલીમ, બાળકોના અધિકાર, કાયદાઓ અને વ્યવસ્થાતંત્રો, ચાઇલ્ડ હેલ્પલાઇનનું કેવી રીતે સંચાલન કરવું, વગેરે તાલીમો શૈશવ દ્વારા આપવામાં આવી હતી.

આ ઉપરાંત શૈશવના આવતા ૫ વર્ષ અંગેનું સ્ટ્રેટેજીક પ્લાનીંગ પણ બહારના તજજ્ઞોની મદદથી કરવામાં આવ્યું હતુ. ઓનલાઇન-ડીજીટલ યુગનો વિશેષ અનુભવ પણ બધાને મળતો રહ્યો. સંસ્થાના દરેક કાર્યકરો ઓછા-વતે અંશે સાતત્યપૂર્ણ રીતે ઓનલાઇન ટુ-વે જેવા કે ઝુમ, ગુગલ મીટ જેવા માધ્યમોથી અન્યો સાથે આદાન-પ્રદાન વિશેષ સંવાદ કે તાલીમ કે જુદા-જુદા મુદ્દે સહભાગી થતા રહ્યા છે. આમ આ નવતર અનુભવ/શિક્ષણ મહત્વનું બની રહ્યું!

શૈશવ-બાલસેનાના બાળકો પણ જુદા-જુદા કાર્યક્રમોમાં ઓનલાઇન ભાગ લઇ પોતાના અનુભવોને વહેંચતા રહ્યા, જેમ કે રાષ્ટ્રીય સ્તરે યોજાયેલ ડીબેટ : લગ્ન માટે છોકરા-છોકરીની ઉંમર ૨૧ વર્ષ કરવા અંગે જેમાં બાલસેના-તરુણસેનાના કિશોર-કિશોરીઓએ ભાગ લઇ પોતાના મંતવ્યો રજુ કર્યા હતા. તે જ રીતે કોરોનાની કિશોરાવસ્થા પર થયેલ અસર અંગેનાં રાષ્ટ્રીય ઓનલાઇન કાર્યક્રમોમાં તરુણસેના જોડાઇ હતી.

શૈશવ
બાળ અધિકાર સંસ્થા

નર્મદા જિલ્લાના ડેડીયાપાડા તાલુકાના ગામોમાં શિક્ષણના શરૂ થયેલ કાર્યને પણ વિશેષ અસરો પહોંચી હતી. શાળા-આશ્રમશાળાઓ બંધ થતા તેની નિયમિત પ્રવૃત્તિઓ બંધ કરવામાં આવી હતી પરંતુ ૬ ગામોમાં સંસ્થાના કાર્યકરો ફળિયાઓમાં જઇ બાળકોના શિક્ષણનું કાર્ય નાના-નાના જૂથમાં સતત કરતા રહ્યા હતા, જેને લઇને બાળક તથા વાલીઓએ ઉત્સાહજનક પ્રતિભાવો આપ્યા હતાં.

કોરોના મહામારીની અસરો સંસ્થાના ફિલ્ડકાર્ય પર તો સીધી પડી પરંતુ સંસ્થાની આર્થિક સ્થિતિ પણ પડકારજનક બની. આવતા વર્ષમાં નાણાંકીય સહાય મળશે કે કેમ ? મળશે તો કેટલી મળશે ? નવા સ્ત્રોત કેવી રીતે શોધવા ? હાલના સ્ત્રોતને કેવી રીતે ટકાવવા ? ખર્ચ પર કરકસર કરી મર્યાદિત ફંડનો વિશેષ સમયમાં ઉપયોગી બનાવવું ત્યાંથી લઇને ઘણા મુદ્દાઓની સતત વિચારણા-મંથન કરવા પડ્યા હતાં. જો કે પ્રભુની કૃપાથી શૈશવના હાલના તમામ કાર્યકરોને આપણે ટકાવી શક્યા છીએ, તેઓ પણ આ કપરા કાળમાં વધુ જવાબદારી સાથે કાર્ય કરી રહ્યા છે!

કોરોનાએ સમ્રગ જીવનશૈલી, આધુનિકતા, ઉપભોગતાવાદ અને વિકાસની વ્યાખ્યાને નવેસરથી વિચારવાની ફરજ પાડી છે!વિકાસની મર્યાદાઓને સમજીને સાદગીપૂર્ણ જીવન જીવવાનું, કુદરતનું સંવર્ધન કરવાનું શિક્ષણ હાલમાં અને હવે સૌથી મહત્વનું અને અનિવાર્ય બનાવી દિધું છે!

શ્રધ્ધા રાખીને કે આગામી વર્ષ સૌના માટે શાંતિ અને સમૃધ્ધિનું બની રહે. બાળપણ ખીલતું રહેવિકસતુ રહે તે માટે આપણે પ્રાર્થના કરીએ.

## બાળ અધિકાર તાલીમ અને સંસાધન કેન્દ્ર

કોવીડ-૧૯ મહામારીના અનુસંધાનમાં સંસ્થા દ્રારા જનજાગૃતિ માટે વિશેષ કાર્ય કરવામાં આવ્યું હતું.વર્ષની શરૂઆતમાં આ કોવીડ-૧૯ સંક્રમણ કેવી રીતે ફેલાય છે, લક્ષણો, સાવચેતીના પગલા વગેરે બાબતોની માહિતી એકત્ર કરી તેની પત્રિકાઓ તૈયાર કરી કાર્ય વિસ્તારમાં વહેંચવામાં આવી હતી, જ્યારે વિગતો સાથે કોવીડ-૧૯ની સમજ આપતી પુસ્તિકા ગુજરાત સરકારે પ્રસિધ્ધ કરતા તેના આધારે ફલીપ બુક બનાવી હતી, જે લઇને કાર્યકરો વિસ્તારોમાં બાળક તથા તેમના કુટુંબીજનોમાં જાગૃતિ ફેલાવવાનું કાર્ય કર્યુ હતું.

આમ કોવીડ-૧૯ અંગેનું સાહિત્ય તૈયાર કરી વિતરણ કર્યુ તો તો બીજી તરફ શાળાઓ બંધ હોવાથી બાળકોના અભ્યાસનો મોટો પ્રશ્ન ઉભો થયો હતો. જ્યારે ઓનલાઇન વિકલ્પ દ્રારા અભ્યાસ શરૂ તો થયો પણ વંચિત વર્ગના બાળકોનો અભ્યાસનો પ્રશ્ન તો ઠેર-ઠેર નો રહ્યો! આ ઉપરાંત બાળકોને સમય પસાર કરવાનો પ્રશ્ન, કોરોનાને લીધે ઘરમાં રહેવુંપડે તે ફાવે નહીં આ સંદર્ભમાં બાળકો પ્રવૃત રહે-શીખતા રહે-આનંદમાં રહે તેવા હેતુથી૧૨૫ ઉપરાંત પ્રવૃતિઓ સાથેની શૈક્ષણિક પ્રવૃતિપોથી-કીટ તૈયાર કરવામાં આવી અને ૨૫૦૦ જેટલા બાળકોને વિતરણ કરવામાં આવી તે નાવીન્યપૂર્ણ અને ઉત્તમ કાર્ય બની રહ્યું. આ પ્રવૃતિ કીટ ગુજરાતની લગભગ ૩૦ જેટલી સંસ્થાઓને પણ આપવામાં આવી હતી. શૈક્ષણિક કીટ અંગે ખુબ જ સુંદર પ્રતિભાવો પ્રાપ્ત થયા હતા. આ કીટમાંની પ્રવૃતિઓ અંગેની તાલીમ શૈશવના તથા અન્ય સંસ્થાના કાર્યકરો સાથે યોજવામાં આવી હતી, જેથી તેઓ ફિલ્ડમાં બાળકોને મદદરૂપ થઇ શકે. આ ઉપરાંત શૈક્ષણિક કીટ ભાગ-૨ ની પૂર્વ તૈયારીઓ પણ શરૂ કરવામાં આવી હતી જેથી આગામી વેકેશન દરમ્યાન તથા શાળાઓ શરૂ થવા અંગેની અનિશ્ચિતતાઓ વચ્ચે બાળકોને પ્રવૃતિઓ મળતી રહે, આ કીટ ભાગ-૨ એપ્રિલ' ૨૦૨૧ પછી બધાને મળશે.

---

કેટલાક પ્રતિભાવ.......

અભિનંદન અભિનંદન ! તમારા સમજણભરી પ્રતિબધ્ધતા અને સર્મપણને સલામ ! બાળપ્રવૃતિ થેલી એ તો જાણે બાળકોનો એવો બેલી, જેમાં છે તેમના માટે સુખની હેલી અને આનંદની કેલી ! તમને અને સમગ્ર ટીમને સાધુવાદ - ધન્યવાદ. અહી અમને સહુને આ સામગ્રી - પુસ્તક, તેની પાછળ નાં સમજ અને શાણપણ, દ્રષ્ટિ અને દર્શન સઘળું સ્પર્શીગયા છે.

શ્રી રમેશભાઇ સંઘવી

સુશીલ ટ્રસ્ટ, ભુજ

શૈશવ દ્વારા તૈયાર થયેલ પ્રવૃતિ શિક્ષણ કીટ મળી છે, આભાર. ખરેખર ખૂબ વિચારથી બાળકોના સમગ્ર વિકાસ, અને મળતા સમયના સદઉપયોગને આવરી તૈયાર કરેલ વિગતો માટે અભિનંદન.

૨૫૦૦ થી વધુ સંખ્યામાં વિતરિત કીટ બાળ કેળવણીને નવી દિશા આપશે. ધન્યવાદ......

ડો. નાનકભાઈ ભટ્ટ

મંત્રી શ્રી, શિશુવિહાર

કોરોના કાળમાં નવી આવડત, નવા કૌશલ્યો શીખવા માટે બાળ પ્રવૃતિ થેલી ! તમારા દ્વારા તમામ સાહિત્ય કિટ મળી ગયા છે. તે પૈકી બાળ પ્રવૃતિપોથી માંથી પસાર થઇ ગયો, પ્રારંભે આપણાં મિશન - બાળ અધિકારની સચિત્રાત્મક ચર્ચા વાચકની જિજ્ઞાસાને ઉદીપ્ત કરે છે, અને પછી મારો પરીચય થી માંડીને બોર્ડગેમ ના પ્રકરણો તમારા વિવિધ અભ્યાસ, સંદર્ભ, સંશોધનને પરિણામે રસિક, રોચક, બાળલક્ષી તૈયાર થયા છે.

ગાંધી ગાંધી રમીએ - ગાંધીને પામવાની જીવનમાં અવતરણ કરવાની સરળ સહજચાવી દર્શાવી છે. તેજ રીતે સૂર્યમંડળ દર્શનની પ્રસ્તુતી

મનુભાઇના શબ્દોમાં બાળકો અને તેમના દ્વારા સમગ્ર પરિવાર, સમાજ, રાષ્ટ્ર અને વિશ્વમાં શાંતિ પ્રસરણ માટેની ગુરુ કિલ્લી' બતાવવા માટે અભિનંદન

શ્રી પ્રવિણભાઈ ઠક્કર
પૂર્વ નિયામક શ્રી,
લોકભારતી, સણોસરા

---

વિશેષમાં બાળકોને તેઓના ઘરઆંગણે નાના-નાના જૂથમાં અભ્યાસ કરી શકે, કાર્યકરોની મદદથી તેઓ શીખતા રહે તે માટે મુરબ્બી શ્રી ઈન્દીરાબહેન હિરવેની મદદથી મળેલ ટેબલેટમાં વિવિધ શૈક્ષણિક કાર્યક્રમોને ડાઉનલોડ કરી તેનો ઉપયોગ પણ ફળદાયી બની રહ્યો છે.

આ વર્ષ અમારે માટે મહત્વપૂર્ણ એટલે પણ હતું કે કિશોરીઓની સલામતી અને સુરક્ષા માટે શૈશવે વિકસાવેલ વિશિષ્ટ આંતરરાષ્ટ્રીય તાલીમ 'વેનલીડો' ના વધુ તાલીમકારો તૈયાર થાય તેનું આયોજન કરવામાં આવ્યું હતું. જો કે કોરોના પ્રત્યક્ષ તાલીમના અનુસંધાનમાં નડ્યો!

જો કે સરકારની ગાઇડલાઇનને કારણે પ્રત્યક્ષ કાર્ય બંધ હતું ત્યારે ઓનલાઇન તાલીમ કેવી રીતે આપવી, કોને આપી શકાય તેની ચર્ચા વિચારણામાંથી નવતર આયોજન કર્યુ, જેમણે અગાઉ તાલીમકાર તરીકે તાલીમ લીધી હતી અને સર્ટીફાઇડ થયા ન હતા તેવા દેશભરમાંથી બહેનોને પ્રથમ તો ઓનલાઇન તાલીમમાં જોડ્યા. એક તરફ ઓનલાઇન તાલીમ વધુ અસરકારક રીતે પહોંચાડવા માટેની તૈયારીઓ સાથે નવેમ્બર'૨૦૨૦ થી જાન્યુઆરી'૨૦૨૧ સુધીનો સારો એવો સમય આમાં ગયો પણ પરિણામ ઉત્સાહ વધારનારું આવ્યું!જે બહેનો અગાઉ તાલીમ લીધી હતી તેમાંથી૧૬ બહેનો તાલીમકાર બનવા સફળ થયા હતાં, હવે તેઓને પ્રત્યક્ષ ટેકો કરવાનું કાર્ય ગોઠવાશે. આ ઉપરાંત જ્યારે કોરોનાનું સ્વરૂપ હળવું થયુંતેમજ ગાઇડલાઇનમાં અમૂક છૂટછાટો મળતાં પૂરતી કાળજી અને સલામતી સાથે ગુજરાતમાં વેનલીડોના તાલીમકાર બનવા ઇચ્છતા બહેનો સાથે ૨ દિવસની બેઝીક તાલીમની ૬ ક્ષેત્રિય તાલીમો યોજી જેમાં ગુજરાતના ૨૩ જિલ્લાના કુલ ૪૨ સંસ્થાના ૧૧૮ બહેનો જોડાયા હતાં જયારે રાજસ્થાનમાં ૧ તાલીમ યોજાઇ હતી તેમાં ૨૪ બહેનો જોડાયા હતાંઅને તેમાંથી પસંદ થયેલ ૮ સંસ્થાની ૨૦ બહેનો સાથે એડવાન્સ તાલીમ ભાવનગરમાં દરમ્યાન યોજવામાં આવી હતી. આ તાલીમો મુખ્યત્વે શૈશવના પારુલબહેન ઉપરાંત ઈશાબહેન-દક્ષાબહેન દ્વારા આપવામાં આવી હતી, ઉપરાંત રાષ્ટ્રીય નેટવર્કમાંથી પ્રીતિબહેન-નિધિબહેન જોડાયા હતાં. આવી અન્ય તાલીમનું આયોજન તામીલનાડુમાં તથા હિમાચલપ્રદેશમાં કરવામાં આવ્યું હતું પરંતુ કોરોનાની બીજી લહેર આવતાં મુલત્વી રાખવામાં આવી હતી.

કિશોરીઓની સલામતી અને સુરક્ષા અંગેના શૈશવના સાતત્યપૂર્ણ પ્રયાસ સૌના માટે ઉત્સાહવર્ધક છે પરંતુ હકીકત એ પણ છે કે બહુ જ ઓછી બહેનો તાલીમકાર તરીકે તૈયાર થવા માટે આગળ આવે છે!

સમગ્ર વર્ષ અનેક ઉતાર-ચડાવનુંપણ બની રહ્યું! મોટા ભાગે ફિલ્ડ કાર્ય પર ખુબ અસર થઇ, નહીંવત કાર્યો થઇ શક્યા પરંતુ આ સમય શૈશવના કાર્યકરોની ક્ષમતાવર્ધન તાલીમ માટે ખૂબ ઉપયોગી બની રહ્યો.

## શૈશવના કાર્યકરોની તાલીમ

સંસ્થાની શરૂઆતથી કાર્યકરોની સજ્જતા અને ક્ષમતાવર્ધનમાટે સતત તાલીમો યોજવામાં આવતી હોય છે. વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન જુદા-જુદા અનેક વિષયો જેવા કે બાળ અધિકારો, બાળકોના કાયદાઓ, અનુભવ અને પ્રવૃતિ આધારિત જીવન કૌશલ્યો, ટાઇમ મેનેજમેન્ટ, કોવિડ- ૧૯ વિશે, પુસ્તક રીવ્યુ, કિશોરોવસ્થાના ફેરફારો, ઝેન્ટેન્ગલ ચિત્રકલા, શૈક્ષણિક પ્રવૃતિ કીટ, કોરોના જનજાગૃતિ, પેરેન્ટીંગ ફોર પીસના અનેકવિધ મુદ્દાઓ, કાઉન્સીલીંગ, ટ્રોમા કાઉન્સીલ, કમ્યુનિકેશન, સ્વરક્ષણ અંગે વેનલીડો, આર્ટ થેરાપી જેવા વિવિધ વિષયોની તાલીમો યોજવામાં આવી હતી.

આ તાલીમ શૈશવના પારુલબહેન-ફાલ્ગુનભાઇ, અલ્પેશભાઇ, ઇશાબહેન-દક્ષાબહેન ઉપરાંત શૈશવના બાલદોસ્ત અને જાણીતા તાલીમકાર શ્રી અરવિંદભાઇ ત્રિવેદી, મુંબઇથી આંતરરાષ્ટ્રીય તાલીમકાર અસ્પીદાદા અને દિલ્હીનાશ્રી વિજયભાઇ અને નિષ્ઠાબહેન, ઉદેપુરથી શ્રી મનીષ ફ્રી મેન તેમજ પેરેન્ટીંગ ફોર પીસ મુવમેન્ટ સાથે જોડાયેલા તજજ્ઞોદ્રારા મળી હતી. ઓએસીસ સંસ્થા દ્રારા બીજી હરોળના નેતૃત્વકરતા કાર્યક્રમો સાથે લીડરશીપ તાલીમની પ્રથમ શિબિરમાં સંસ્થામાંથી આશિષભાઇ, અલ્પેશભાઇ અને ઇશાબહેન જોડાયા હતાં સમગ્ર વર્ષ દરમ્યાન કુલ ૭૭તાલીમો યોજાઇ હતી જેમાં શૈશવના સ્ટાફ ભાઇ-બહેનોમાંથી સરેરાશ ૨૭ કાર્યકરો તાલીમમાં નિયમિત જોડાયા હતાં.

## શૈશવ દ્રારા અન્ય સંસ્થાની તાલીમો

ગત વર્ષે કિશોરાવસ્થામાં થતા શારિરીક, માનસિક અને ભાવનાત્મક ફેરફારો અંગે તાલીમકારોની તાલીમનો પહેલા તબક્કાની શિબિર શૈશવ દ્રારા આયોજિત થયા પછી કોવિડ-૧૯ની પરિસ્થિતિને લઇ બીજી શિબિર મુલત્વી રાખવામાં આવી હતી, પરંતુ તાલીમકારોને સતત ટેકો મળી રહે અને પ્રેકટીસ કરતા રહે તે માટે ગ્રુપ સાથે ઓનલાઇન સત્રોના આયોજન દ્રારા પુનરાવર્તન અને પ્રેકટીસ ઉપરાંત નવા મુદ્દાઓની તાલીમ પારુલબહેન અને ઇશાબહેન દ્રારા આપવામાં આવી હતી.

- નવસારી, અમરેલી અને બોટાદની ચાઇલ્ડલાઇન ટીમને બાળ અધિકાર, કાયદાઓ, ચાઇલ્ડલાઇનની કામગીરી, તંત્રો સાથે સંકલન વગેરે બાબતો અંગેની તાલીમ પ્રત્યક્ષરૂપે તથા ઓનલાઇન આપવામાં આવી હતી.
- આ ઉપરાંત શૈશવે વિકસાવેલ શૈક્ષણિક પ્રવૃતિ કીટ અંગેની તાલીમ, બાળકોના અધિકાર, બાળકો સાથે પ્રવૃતિઓની વ્યુહરચના, લીડરશીપ-ટીમ બિલ્ડીંગ જેવા જીવન કૌશલ્યોના મુદ્દાઓ, કિશોરાવસ્થામાં થતા શારિરકિ, માનસિક, ભાવાત્મક ફેરફારો જેવા મુદ્દાઓને લઇને ૫૯ સંસ્થાઓ સાથે તાલીમો યોજાઇ હતી જેમાં કુલ ૩૧૭ કાર્યકર ભાઇ-બહેનો અને સાતેક હજાર શિક્ષકો જોડાયા હતા.
- આતાપી સેવા ફાઉન્ડેશનમાં બાળકોના સંગઠનમાં ચૂંટણી આયોજન પ્રક્રિયા અને અમલીકરણ અંગે ૩૧ પ્રતિનિધિ બાળકો સાથે ૨ દિવસની શિબિર યોજવામાં આવી હતી જેમાં શૈશવમાંથી અલ્પેશભાઇ અને દક્ષાબહેને સેવાઓ આપી હતી. આ તાલીમો પ્રત્યક્ષરૂપે અનેઓનલાઇન આપવામાં આવી હતી.

## ગુજરાત યુવા મંચ

લગ્ન અંગેની ઉંમર છોકરાઓ માટે ૨૧ અને છોકરીઓ માટે ૧૮ વર્ષની હાલમાં છે, પરંતુ સરકાર દ્રારા છોકરીઓની ઉંમર ૨૧ વર્ષ કરવા અંગેની વિચારણા થઇ રહી છે, આ માટે સરકારે ટાસ્ક ફોર્સની રચના ભલામણો કરવા માટે કરી છે. આ ટાસ્ક ફોર્સને દેશભરમાંથી પ્રતિભાવો-ભલામણો મોકલવામાં આવી રહી છે.

આ અનુસંધાનમાં શૈશવ તથા દેશની અન્ય સંસ્થાઓની સાથે મળીને નક્કી કર્યુ કે આ અંગે આપણે તરુણોનાં અભિપ્રાય લેવા જોઇએ અને તેઓ જે માને છે તેની વાત કરવી જોઇએ. આ અંગે પહેલાં સંસ્થા સ્તરે તરુણો સાથે મીટીંગ કરવામાં આવી પછી રાજ્ય સ્તરે અને છેલ્લે રાષ્ટ્રીય સ્તરે મીટીંગો યોજવામાં આવી હતી અને તેઓના પ્રતિભાવો-ભલામણો તૈયાર કરવામાં આવ્યા હતાં.

આ પ્રક્રિયા દરમ્યાન ગુજરાતના જુદા-જુદા વિસ્તારના તરુણો એકમેકની વધુ નિકટ આવતા, પરિચય વધતા બધાને લાગ્યુ કે આપણું સ્વૈચ્છિક નેટવર્ક બનાવીએ આ અંગે ચર્ચાઓ થઇ અને તેની ફળશ્રુતિરૂપે ગુજરાત યુવા મંચે આકાર ધારણ કર્યો! તરૂણોને પોતાનું એક પ્લેટફોર્મ મળ્યું, શૈશવમાંથી પારુલબહેન, વડોદરાના પાર્થભાઇ ત્રિવેદી તથા ઉદયપુરના સ્વરાજ સંસ્થાના યુવાનો વગેરેનો સુંદર ટેકો મળતાં યુવાનોનુંએક વિશેષ પ્લેટફોર્મ તૈયાર થયું તે આ વર્ષની વિશેષ ઉપલબ્ધિ છે.

## <u>આંકડાકીય માહિતી</u>

| ક્રમ | વિગત | તાલીમની સંખ્યા | તાલીમ લેનારની સંખ્યા | | |
|---|---|---|---|---|---|
| | | | પું. | સ્ત્રી | કુલ |
| ૧. | <u>શૈશવ કાર્યકરોની ક્ષમતાવર્ધન તાલીમ</u><br>ટાઇમ મેનેજમેન્ટ, યોગ-પ્રાણાયામ ક્રાફ્ટ, જીવન ક્રાફ્ટ, જીવન કૌશલ્યો, સર્જનાત્મકતા, કમ્યુનિકેશન સ્વજાગૃતિ, ગાંધીજી, કિશોરાવસ્થાના ફેરફારો જેન્ડર, શૈક્ષણિક, પ્રવૃત્તિકીટ કાઉન્સલીંગ, કમ્પ્યુટર, એકસલ તાલીમ, કોરોના જાગૃતિ, સ્વજાગૃતિ, સ્વરક્ષણ -વેનલીડો, નેતૃત્વ, પેરેન્ટીંગ ફોર પીસ, વિષય આધારિત શૈક્ષણિક પ્રવૃત્તિ, નારીવાદી નેતૃત્વ કોરોના રોગ સામે જાગૃતિ, પર્યાવરણ, FGD, ટેબલેટનો શિક્ષણમાં ઉપયોગ, સેકન્ડર ક્રેડર નેતૃત્વ વિકાસ વગેરે | ૭૭ | ૧૧ | ૧૭ | ૨૮ |
| | કુલ | ૭૭ | ૧૧ | ૧૭ | ૨૮ |
| ૨. | શૈશવ દ્વારા અન્ય સંસ્થાઓને તાલીમ | | | | |
| | પેરેન્ટીંગ ફોર પીસ સુરતની ટીમ | ૧ | ૦ | ૦ | ૪૦ |
| | નવસારી ચાઇલ્ડલાઇન | ૧ | ૩ | ૬ | ૦૯ |
| | આતાપી સેવા ફાઉન્ડેશન | ૩ | ૧૭ | ૨૪ | ૪૧ |
| | અતુલ ફાઉન્ડેશન | ૧ | ૦ | ૦ | ૦ |

| ક્રમ | વિગત | તાલીમની સંખ્યા | તાલીમ લેનારની સંખ્યા | | |
|---|---|---|---|---|---|
| | | | પું. | સ્ત્રી | કુલ |
| | જી.એચ.સી.એલ. ફાઉન્ડેશન | ૧ | ૦ | ૦ | ૦ |
| | ભાવનગર સર્વ શિક્ષા અભિયાન | ૨ | ૦ | ૦ | ૭૦૦૦ |
| | સેવા-રૂરલ, ઝઘડીયા | ૨ | ૦ | ૦ | ૨૨ |
| | ભાવનગર બલ્ડ બેંક | ૨ | ૨૯ | ૧૧ | ૪૦ |
| | ડીપાર્ટ. વડોદરા રીજીયન હેલ્થએન્ડ ફેમીલી વેલ્ફેર | ૧ | ૦ | ૦ | ૫૦ |
| | શારીરિક, માનસીક, ભાવનાત્મક ફેરફારો-કિશોરાવસ્થા (૯ સંસ્થા) ની તાલીમ રામકૃષ્ણ સંવેદના ટ્રસ્ટ, ગણતર, આતાપી, અતુલ, અંજલિ, ભાષા, કોશિષ મિલાપ, શિશુકુંજ, સ્વપથ | ૧ | ૧૦ | ૧૬ | ૨૬ |
| | વેનલીડો બેઝીક (પ્રત્યક્ષ) સંસ્થા-૪૨/૪૩ જિલ્લા | ૭ | ૦ | ૧૪૨ | ૧૪૨ |
| | વેનલીડો એડવાન્સ | ૧ | ૦ | ૨૦ | ૨૦ |
| | વેનલીડો ટ્રેનર્સ નેટવર્ક (ઓનલાઇન) ચીલ્ડ્રન મોડયુલ તાલીમ | ૧ | ૦ | ૧૬ | ૧૬ |
| | કુલ | ૨૪ | ૫૯ | ૨૩૫ | ૭૪૦૬ |

# બાલસેના

બાલસેના, બાળકોનું સંગઠન પારસ્પરિક મૈત્રી, એકતા અને સમાનતાના મૂલ્યો સાથે છેલ્લા ૧૮ વર્ષથી અનેક ઉતાર-ચડાવ વચ્ચે પણ સતત કાર્યરત રહ્યું છે.એકમેકને શૈક્ષણિક ટેકો તો મળી જ રહે પણ દરેક સંજોગોમાં સાથે રહેવાની ભાવના કોવિડ-૧૯ જેવા પડકારમાં પણ જળવાઇ રહી પરિણામે તેઓ સ્વસ્થ રહી શક્યા છે અને એકમેકને સધિયારો આપી શક્યા છે. માનસિક પ્રશ્નોની સાથે શિક્ષણથી વંચિત રહેતાં કે ઓનલાઇન શિક્ષણના પ્રશ્નો પણ વિશેષ હોવા છતાં તેઓ એકમેકના પડખે ઉભા રહેવાથી સકારાત્મક બની રહ્યાં છે.

કોવિડ-૧૯ ના આરોગ્ય ઉપરાંતના સામાજિક અને શૈક્ષણિક પડકારોએ ઘણું નવું અથવા નવી રીતે વિચારવાની ફરજ પાડી છે. ઓનલાઇન શિક્ષણની મર્યાદાઓ સમજીએ છીએ એટલે હવે એ વાત પાકી બની છે કે બાળકો જાતે કેવી રીતે શીખી શકે અને તેમાં પૂરક ટેકો શિક્ષકો કે અન્યો કેવી રીતે કરી શકે તે અંગે વિચારવું રહ્યું! કોઇ વ્યવસ્થા તંત્ર કે કોઇ વ્યકિતને આધારિત ક્યાં સુધી ? આપણા સૌ માટે મોટો પડકાર છે.

અમે થોડા પ્રયત્નો કર્યા એમાં એ પણ ખરું કે કેવળ વિષય અધારિત રહેવાના બદલે તેઓનું જીવન કૌશલ્ય વિકસે, જાતે કંઇક કરતા રહેવાની પ્રેરણા મળે, જવાબદારી ઉઠાવે તેને લઇને શૈક્ષણિક કીટ તૈયાર કરી! જેમાં વિજ્ઞાનના રમકડા કે દ્રષ્ટિભ્રમના પ્રયોગોની સાથોસાથસર્જનાત્મક ચિંતન, સમસ્યા ઉકેલની પધ્ધતિ, ગુણદોષનું ચિંતન, જીવનશૈલીના ફેરફાર થી લઇને પ્રોજેકટ તૈયાર કરે-બનાવે તેવી લગભગ ૧૦૦ ઉપરાંત પ્રવૃતિઓ અને રમતો (ગેમ બોર્ડ) તૈયાર કરીને આપી. ભાવનગર તથા નર્મદા જિલ્લામાં આવેલપ્રોજેકટ આરણયકના બાળકોને તથા અન્ય સંસ્થાઓને મળીને લગભગ ૨૦૦૦ જેટલી કીટનું વિતરણ કર્યું. જેના ખૂબ જસુંદર પ્રતિભાવ બાળકો, વાલીઓ, કાર્યકરો અને અન્ય સંસ્થાના વડીલોના પણ મળ્યા. આમ બાળકો જાતે શીખે-જવાબદાર બને તે માટેનો પ્રયોગો સફળ રહ્યો.

કાર્યકરો બાળકો સાથે નાના-નાના જૂથમાં ફળિયા પ્રમાણે પ્રવૃત્તિઓ કરાવે, અભ્યાસ કરાવે અને વાલીઓની મુલાકાત પણ કરે પરંતુ તેમાં અમને વિશેષ સહાય મળી શ્રી અશોકભાઇ હિરવે ફાઉન્ડેશનની, શૈશવના શુભેચ્છક અને બાલ દોસ્ત જાણીતા પ્રો.શ્રી ઇન્દીરાબહેન હિરવે દ્વારા કાર્યકરોને ટેબલેટ આપવામાં આવ્યા! ટેબલેટમાંજીસીઇઆરટીના પોર્ટલ પરથી પરિવારનો માળો કાર્યક્રમ ઉપરાંત દિક્ષા પોર્ટલ માંથી ધોરણવાઇઝ અભ્યાસક્રમ ડાઉનલોડ કર્યા, ઉપરાંત અન્ય પ્રવૃત્તિઓ પણ મૂકી અને કાર્યકરો ફરી ફિલ્ડમાં નાના-નાના જૂથમાં ટેબલેટના માધ્યમથી અભ્યાસ કરાવે તેનો સારો પ્રતિભાવ મળ્યો.

બાળકોને વિઝ્યુઅલ જોવા મળ્યું તેથી તેઓની સમજણ વધુ સારી થઇ, જ્યાં ના સમજાય ત્યાં કાર્યકર સાથે હોય એટલે સંવાદ થાય પરિણામે પુનરાવર્તનની સાથોસાથપ્રશ્નોતરી થાય. આમ બાળકોને આ માધ્યમ ખૂબ ઉપયોગી બની રહ્યું. સ્માર્ટફોનની ગેરહાજરીમાં આ વિકલ્પ વધુ ઉપયોગી બની રહ્યો.

આ ઉપરાંત સરકારની ગાઇડલાઇન વગેરેને ધ્યાનમાં લઇ ખૂબ જ કાળજી અને સલામતી સાથે પ્રવૃતિઓ યોજતા રહ્યા જેમાં રમતગમતદિવસ, તાલીમો, કિશોરાવસ્થામાં થતા શારિરીક, માનસિક અને ભાવનાત્મક ફેરફારો અંગે, સ્વરક્ષણની તાલીમ, વગેરે વિવિધ પ્રવૃતિઓ થઇ શકી હતી.

## ચાલો મળીએ કેટલાક બાળકોને...

મયૂર... રાજસ્થાનના રૃઢિચૂસ્ત કુટુંબમાંથી આવે. ઘરમાં પોતાની ઇચ્છા કે જરૂરિયાત અંગે ક્યારેય પિતા સમક્ષ તે વાત ન કરી શકે!તેનો આત્મવિશ્વાસ અને આત્મસન્માન બન્ને ખૂબ ઓછા. તેવામાં તે બાલસેનામાં જોડાયો ત્યારે પણ તેને શરૂઆતમાં લાગતું કે કોઇ મને સાંભળતું નથી પરંતુ ધીમે ધીમે બદલાવ આવ્યો, આત્મવિશ્વાસ વધ્યો, પ્રવૃતિઓ કરવામાં જાતે પહેલ કરતો થયો, બીજાને મદદ કરે. મિત્રોને પણ થયું કે તેનામાં બદલાવ આવી રહ્યો છે.તેના વિસ્તારની ટીમમાંથી તે કાઉન્સીલ પ્રતિનિધિ તરીકે પણ ચૂંટાયો!થોડા સમય પહેલાની વાત છે તેને નવું શર્ટ ખરીદવું હતું પણ માતા-પિતા તરફથી સ્વીકાર ના થયો! બાલસેનામાં બાળકોની બચત બેંક ચાલે, તે એમાં જોડાયો અને નિયમિત બચત કરવા લાગ્યો, એના ગત જન્મદિને પોતાની બચતમાંથી પોતાની ઇચ્છા મુજબનું નવુ શર્ટ ખરીદ્યુ અને પહેર્યુ! જાણે જગ જીત્યો! એનામાં પોતાનો આત્મવિશ્વાસ વધ્યો તો સાથોસાથઆત્મસન્માન પણ વધ્યુ અને ખુશ થયો કે જાતે નિર્ણય લઇ શકું છું, એના માટે જાતે જવાબદારી લેવી પડે, સંઘર્ષ કરવો પડે તેનું અનુભવ શિક્ષણ પણ તેને માટે મૂલ્યવાન બની રહ્યું!

બાલસેનાના બાળકોમાં આ પ્રકારના અનુભવ આધારિત મૂલ્યોનું શિક્ષણ એકબીજાની સાથે રહેવાથી કુદરતી રીતે મળી રહ્યું છે તેનો આનંદ અને ગૌરવ છે!બધું બદલાતું હોય છે, જરૂર છે ધીરજ અને સાતત્યતાની, બિનશરતી પ્રેમ અને વિશ્વાસની!

છઠ્ઠા ધોરણમાં હતી ત્યારે નીલમ બાલસેના કાર્યક્રમમાં જોડાઇ હતી. નીલમને બે બહેનો અને એક ભાઇ ઘરમાં.માતા-પિતામાં પિતા ખૂબ જ કડક સ્વભાવના, એમનો પડ્યો બોલ બધાએ ઝીલવો પડે!નીલમથી મોટીબહેનનું આઠમું ધોરણ પૂરૂ થતાં જ તેને ઘરમાં સિલાઇકામમાં જોતરી દીધી!

નીલમને તેના મિત્રો દ્રારા બાલસેના વિષે માહિતી મળી હતી, અને તે પ્રવૃતિઓમાં જોડાઇ ગઇ, કિશોરીઓ માટેના સ્વરક્ષણ કાર્યક્રમ 'વેનલીડો' કાર્યક્રમમાં પણ તે જોડાઇ અને તાલીમ લીધી!સંસ્થાના કાર્યકરે તેના ઘરની મુલાકાત લીધી ત્યારે ખ્યાલ આવ્યો કે નીલમ આ પ્રવૃતિઓમાં જોડાય તે ઘરનાને ગમતું નથી પણ નીલમ પોતે પોતાની રીતે ઉકેલ શોધીને આવે છે!એના માટે ક્યારેક તેનું ભોજન પણ છીનવાયું છે! કેવો ભોગ!પણ નીલમ ખરેખર 'નીલમ' બની રહી, બાલસેનામાંથી જે શીખે તેની વાત ઘરમાં નિયમિત કરે, તેના વર્તન-વ્યવહારમાં પણ તે બધું દેખાય.કુશળતા અને કૌશલ્યોની સાથેસાથે આત્મવિશ્વાસ વધતો ગયો.અભિવ્યક્તિ પરિપક્વ બનતી ગઇ... પિતા આ બધુ સમજતા થયાં, નીલમમાં થઇ રહેલાં હકારાત્મક પરિવર્તનને તે ઓળખતા થયાં... હવે નીલમમાંનો તેમનો વિશ્વાસ વધ્યો!નીલમ પહેલી છે કે જેને ધોરણ આઠથી આગળનું શિક્ષણ મળી રહ્યું છે!

બાલસેના એટલે પરંપરાગત શિક્ષણ નહીં પણ ખરા અર્થમાં કેળવણીનો પર્યાય. બાળકની પોતાની રસ-રૂચિ અનેગતિ પ્રમાણે જીવનઘડતરની પ્રક્રિયા. કોઇપણ પ્રકારની દિવાલો વગરનું પારદર્શક પારસ્પરિક સહજીવન, જેમાં એકમેક પાસેથી શીખવાનું અને શીખવાડવાનું!કોઇ નાના નહીં ને કોઇ મોટા નહીં, સ્વયં પ્રગટતા રહેવાનું-પોતાની જગ્યા, પોતાનો પહેરવેશ, પોતાની મરજી, પોતાની શરત, પોતાનો નિર્ણય, પોતાની જવાબદારી!

આ બધું જ લાગુ પડે યશપાલને!૭ વર્ષ પૂર્વે મારૂતિનગરમાંથી બાલસેના પ્રવૃતિમાં જોડાયો હતો. આજે ૧૬ વર્ષનો થયો!બાલસેના એની પોતીકી!બારમું ધોરણ!જ્યારે બીજા કેવળ પોતાનો જ વિચાર કરી માત્ર ''મેરિટ'' પાછળ ઘેલા થાય ત્યારે યશપાલ તો જવાબદારી વહન કરતા કરતા પણ વિસ્તારના બીજા બાળકોને ભણાવવામાં મદદ કરે સાથેસાથે બાલસેનામાં જોડાવા સૌને પ્રોત્સાહીત કરતો રહે!

ઘણાં એવા પ્રસંગો હશે જ્યારે કાર્યકર વિસ્તારમાં ન પહોંચ્યા હોય ત્યારે પ્રવૃતિઓ ચલાવવાની જવાબદારીયશપાલે નિભાવી હોય, પરિવારની સ્થિતિ આમ નબળી, ખેતી સાથે જોડાયેલા પણ માતા-પિતાનો ટેકો અને હૂંફ ભારે, પ્રોત્સાહિત કરે, પરિણામે બાલસેના પ્રવૃતિઓ અને સમાંતરે અભ્યાસ ચાલતો રહ્યો!બાળકોની સલામતી અને સુરક્ષા અંગે તે જે કંઇ શીખ્યો તેનાથી તેની એ સમજણ પાકી

બની કે કોઇપણ બાળકે ભેદભાવનો ભોગ તો ના જ બનવું જોઇએ, અને એના માટે તે સતત પ્રવૃતિશીલ રહે.

જ્યારે એની ઉંમરના બીજા બાળકો વ્યસન કરે, અર્થ વગરની મોજ-મઝા કરે પણ આ ટૂંકાગાળાની મઝાથી યશપાલ દૂર જ રહ્યો કારણ કે તેને પોતાનેપોતાની જિંદગીનું ધ્યેય મળી ગયું છે. જેને પરિપૂર્ણ કરવાની મથામણ-સંઘર્ષ, એનો આનંદ-અર્થપ્રાપ્તિબિરાબર સમજાઇ ગઇ છે!માતા-પિતાને પણ ગૌરવ છે -સમજે છે કે તે વિસ્તારના બીજા બાળકો કરતાં અલગ છે. યશપાલને એક કેડી મળી-પ્લેટફોર્મ મળ્યું,આપણે તો કેવળ તેઓના ઘડતરનું પ્લેટફોર્મ પૂરૂ પાડવામાં નિમિત બનવાનું છે!

ભાવનગરનો ખારો વિસ્તાર... લોકડાઉનમાં ક્યાંય જવાય નહીં. બાળકો મૂંઝાય... એ દરમ્યાન ટ્રાફીક સલામતી અંગેનું પ્રદર્શન તેમનાથી ૧૨ કી.મી. દૂર આર.ટી.ઓ.વિભાગદ્રારા ગોઠવવામાં આવેલું! વિસ્તારનાં બાળકોને થયું કે આપણે જોવા જવું જોઇએ. ૧૨ વર્ષની જાહન્વી અને ૧૪ વર્ષની ભારતીએ બિડું ઝડપ્યું!કેવી રીતે જવું, તેનું આયોજન કર્યુ.રીક્ષાવાળા સાથે જવા-આવવાનું નકકી કર્યુ, ભાવ-તાલ કર્યા, નાસ્તો લઇ જવાનો નકકી કર્યો. કાર્યકરને જણાવ્યું, બાળકોની જવા-આવવા અંગે તથા અન્ય શું કાળજી રાખવી તે અંગે વિગતવાર સમજણ આપી અને તે પ્રમાણે બધા વર્તે તેની પૂરતી કાળજી પણ લીધી!પ્રદર્શન સ્થળે નાના બાળકોને સમજાવવાનું કાર્ય પણ કર્યુ.

નેતૃત્વ આમ જ વિકસતું જાય-ઘડાતું જાય અને શીખતું રહે... આ સમગ્ર ઘટના-ભારતી અને જાહન્વી ને સલામ!

## <u>આંકડાકીય માહિતી</u>

### આંકડાકીય માહિતી
### સંસ્થાના કાર્યકરો દ્વારા બાળકો સાથેની પ્રવૃત્તિઓ

| ક્રમ | કાર્યક્રમની વિગત | કાર્યક્રમની સંખ્યા | છોકરા | છોકરી | કુલ |
|---|---|---|---|---|---|
| ૧. | શૈશવ દ્વારા વિસ્તારના બાળજૂથો સાથેની પ્રવૃત્તિઓ | ૪૮૮ | ૨૬૨૪ | ૨૦૮૨ | ૪૭૦૬ |
| ૨. | શૈશવ દ્વારા વિસ્તારના જૂથોના સંયુક્ત કાર્યક્રમો | ૪ | ૧૮૪ | ૧૫૯ | ૩૪૩ |
| ૩. | નિવાસી તાલીમ શિબિર | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪. | એક દિવસની તાલીમ શિબિર | ૪ | ૯૦ | ૫૩ | ૧૪૩ |
| ૫. | કિશોર મંડળ પ્રવૃત્તિ | ૫૬ | ૮૩૫ | ૦ | ૮૩૫ |
| ૬. | કિશોરી મંડળ પ્રવૃત્તિ | ૫૬ | ૦ | ૭૨૦ | ૭૨૦ |
| ૭. | વેનલીડો-સ્વરક્ષણ તાલીમ કિશોરીઓ માટે | ૩ | ૦ | ૬૬ | ૬૬ |
| ૮. | બાળમેળા | ૪ | ૮૯ | ૮૮ | ૧૭૭ |
| ૯. | કિશોરાવસ્થા-બાળ તાલીમકારોની તાલીમ | ૫ | ૨૭૨ | ૨૪૩ | ૫૧૫ |
| | **કુલ** | **૬૨૦** | **૪૦૯૪** | **૩૪૧૧** | **૭૫૦૫** |

### બાળનેતૃત્વ-બાળકો દ્વારા બાળકો સાથેની પ્રવૃત્તિઓ

| ક્રમ | કાર્યક્રમની વિગત | કાર્યક્રમની સંખ્યા | છોકરા | છોકરી | કુલ |
|---|---|---|---|---|---|
| ૧. | બાળકો દ્વારા કાર્યક્રમ | ૨૭ | ૩૬૮ | ૩૭૪ | ૭૪૨ |
| ૨. | બાલસેના કાઉન્સીલ સભ્યો તથા સક્રિય સભ્યોની મીટીંગ | ૧૦ | ૨૭૨ | ૨૪૩ | ૫૧૫ |
| ૩. | ભાવનગરના સ્થળોની મુલાકાત | ૩૧ | ૪૨૫ | ૬૦૫ | ૧૦૩૦ |
| ૪. | વિસ્તારમાં બાળજૂથો સાથે બાળકો દ્વારા મીટીંગ | ૫૨ | ૫૯૯ | ૫૧૩ | ૧૧૧૨ |
| | **કુલ** | **૧૨૦** | **૧૬૬૪** | **૧૭૩૫** | **૩૩૯૯** |

શૈશવ
બાળ અધિકાર સંસ્થા

**બચત પ્રવૃત્તિ**

| | |
|---|---|
| વર્ષની ઉઘડતી સિલક | ૬૧૩૧૦ |
| વર્ષ દરમ્યાન બચત | ૧૧૯૭૦ |
| કુલ | ૭૩૨૮૦ |
| વર્ષ દરમ્યાન ઉપાડ | ૧૦૦૪૦ |
| વર્ષ અંતની સિલક | ૬૩૨૪૦ |
| સભ્ય સંખ્યા | ૪૪૨ |

# ચાઈલ્ડ હેલ્પ લાઇન ૧૦૯૮

કોવિડ-૧૯ માં ઘણી પ્રવૃતિઓ -કાર્યો બંધ હતા પરંતુ ચાઇલ્ડ હેલ્પ લાઇન ૧૦૯૮ સતત કાર્યરત હતી. બાળકો માટે ઇમરજન્સી સેવાઓ માટે સમગ્ર દેશમાં નેટવર્ક સતત કાર્યરત રહ્યું અને ઉદાહરણરૂપ કામગીરી કરી હતી.

પાંચેકવર્ષના બાળક અંગે કોલ આવતાં ટીમ મેમ્બર પહોંચી ગયા. બાળક એચઆઇવી ગ્રસ્ત અને તેને શેલ્ટરની જરૂરત હતી. ટીમે અથાક પ્રયત્નો કરી પ્રથમ તો બાળકને હોસ્પિટલમાં દાખલ કરાવી તેની પ્રાથમિક સારવાર કરાવી અને કોરોના નથીનું સર્ટીફીકેટ મેળવી પછી ચાઇલ્ડ વેલફેર કમિટિની મદદથી શેલ્ટર હોમમાં દાખલ કરાવ્યું! કોરોનાના આ ફ્રન્ટલાઇન વોલન્ટીયર્સ છે!હા, આયોજન સાથે જે આઉટરીચ કરવામાં આવતી હતી તે બંધ કરી પણ ઇમરજન્સી કોલ પર વધુ ધ્યાન આપી રહ્યા હતાં.

ભાવનગરમાં અતિ જરૂરતમંદ કુટુંબોને રેશન પહોંચાડવામાં આ કાર્યકરોએ મહતમ જવાબદારી વહન કરી.ચાઇલ્ડ હેલ્પ લાઇનને મદદરૂપ થઇ શકે તેવા વોલન્ટીયર્સના બનેલ સેફટીનેટના સભ્યોની સાથેસંપર્ક પ્રસ્થાપિત રાખીને બાળકોને કોઇ મુશ્કેલીઓ હોય, સતામણી કે શોષણ થતું હોય તેવા મુદાઓ અંગે પૂછપરછદ્વારા માહિતી મેળવવાનું કાર્ય પણ સતત કર્યુ.

આ ઉપરાંત અગાઉ જે બાળકોના કેસ આવ્યા હતા તે બાળકોના કુટુંબ સાથે ફોલોઅપ કરવાની સાથે તેઓના આડોશ-પાડોશમાં અન્ય કોઇ બાળકોના પ્રશ્નો છે કે કેમ તે પણ પૂછપરછ કરતાં સંપર્ક બનાવી રાખ્યા હતાં. આમ માત્ર ઇમરજન્સી ફોન આવે તેના પર જઆધારિત રહેવાને બદલે આ પ્રકારના સંપર્ક દ્વારા પણ આઉટરીચ સેવાઓ ચાલુ રાખી હતી.

જયારે પરિસ્થિતિમાં સુધારો થયો ત્યારે આયોજન પ્રમાણે આઉટરીચ-ઓપનહાઉસ જેવા કાર્યો પણ કરતા રહ્યાં. સંસ્થાનો બાળકોના કાર્યક્રમ જે વિસ્તારોમાં ચાલે છે ત્યાં બાળ સુરક્ષા સમિતિઓ બનાવવામાં આવી છે, આ સમિતિઓના સભ્યો નિયમિત પળે, બાળકોના પ્રશ્નોની ચર્ચા કરે-તેના ઉકેલના પ્રયાસ કરે તે અનુસંધાનમાં ચાઇલ્ડ લાઇન ટીમના કાર્યકરો સતત ઉપસ્થિત રહી સક્રિય માર્ગદર્શન અને જવાબદારી પણ ઉપાડી નવીનતમ ભૂમિકા ભજવી રહ્યાં છે. આ બાળ સુરક્ષા સમિતિ ખરેખર તો પોતાના તમામ વિસ્તારો-વોર્ડમાં બને તે જરૂરી છે.

બાળકોના પ્રશ્નોના વિશ્લેષણ દ્વારા બાળકની જરૂરિયાતોને સમજી સરકારના વિવિધ વિભાગો, સંસ્થાઓ સાથે સંકલન કરી તેના ઉકેલના પ્રયાસો હાથધરવામાં આવતા હોય છે. જિલ્લા બાળ કલ્યાણ સમિતિ, જિલ્લા બાળ સુરક્ષા એકમ તેમજ સરકારી ચીલ્ડ્રન હોમ, તાપીબાઇ વિકાસગૃહ, નંદકુવરબા બાલાશ્રમ વગેરે સંસ્થાઓનો સુંદર સહયોગ મળી રહ્યો છે તેટલું જ નહીં પણ એક ટીમની જેમ સૌ કાર્યરત રહે છે તે ગૌરવની વાત છે.

## આંકડાકીય માહિતી

| કેટેગરી | કુલ | બાળકોની સંખ્યા | પુખ્તોની સંખ્યા | કુલ |
|---|---|---|---|---|
| શાળા | ૨૭ | ૨૨૨૨ | ૨૨૧ | ૨૪૪૩ |
| આંગણવાડી | ૧૧૭ | ૫૧ | ૩૩૪ | ૩૮૫ |
| કોલેજ | ૦૨ | ૩૩ | ૦૬ | ૩૯ |
| હોસ્ટેલ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| વિસ્તાર | ૯૮ | ૮૫૧૪ | ૧૬૨૩૬ | ૨૪૭૫૦ |
| બાળ સુરક્ષા સમિતી | ૪૯ | ૧૮૯ | ૨૬૫ | ૪૫૪ |
| કુલ | ૨૯૩ | ૧૧૦૦૯ | ૧૭૦૬૨ | ૨૮૦૭૧ |

શહેરના અલગ-અલગ વિસ્તારોમાં બાળકોના પ્રશ્નો, સમસ્યાઓ અને સુરક્ષા સંબધીત મુદ્દાઓને સમજવા માટે ઓપનહાઉસનુ આયોજન કરવામાં આવતું હોય છે. આ વર્ષ દરમ્યાન ૪૧ ઓપનહાઉસના આયોજન દ્વારા ૭૨૦ બાળકો સાથે સીધો સંપર્ક કરવામાં આવ્યો હતો. જેમાં

શૈશવ
બાળ અધિકાર સંસ્થા

| ક્રમ | કેટેગરી | ૧૦૯૮ ફોન દ્વારા | આઉટરીચ દ્વારા | કુલ | નિરાકરણ | પેંન્ડિગ |
|---|---|---|---|---|---|---|
| ૧ | મેડિકલ | ૦૫ | ૦૧ | ૬ | ૦૬ | ૦૦ |
| ૨ | શેલ્ટર | ૧૪ | ૧૫ | ૨૯ | ૨૬ | ૦૩ |
| ૩ | શોષણ સામે રક્ષણ | ૨૩ | ૧૦ | ૩૩ | ૩૩ | ૦૦ |
| ૪ | બાળ ભિક્ષુક | ૦૮ | ૦૭ | ૧૫ | ૧૫ | ૦૦ |
| ૫ | બાળ મજુરી | ૦૩ | ૦૪ | ૭ | ૦૭ | ૦૦ |
| ૬ | બાળ લગ્ન | ૦૦ | ૦૬ | ૬ | ૦૬ | ૦૦ |
| ૭ | જાતિય સતામણી | ૦૦ | ૦૦ | ૦ | ૦૦ | ૦૦ |
| ૮ | સ્પોન્સરશિપ | ૦૧ | ૦૮ | ૯ | ૦૯ | ૦૦ |
| ૯ | ગુમ થયેલા શોધેલા બાળકો | ૦૭ | ૦૫ | ૧૨ | ૧૨ | ૦૦ |
| ૧૦ | અન્ય | ૧૧ | ૨૮ | ૩૯ | ૩૭ | ૦૨ |
| ૧૧ | સરકારી સહાય | ૧૮ | ૩૯ | ૫૭ | ૪૦ | ૧૭ |
| ૧૨ | કાઉન્સીલીંગ | ૦૭ | ૫૫ | ૬૨ | ૬૨ | ૦૦ |
| ૧૩ | કોલના આધારે કશું ન મળ્યું હોય તેવા | ૦૪ | ૦૦ | ૪ | ૦૪ | ૦૦ |
| ૧૪ | Covid-19 Need Of Food | ૦૪ | ૦૨ | ૬ | ૦૬ | ૦૦ |
| ૧૫ | Corporal Pnishment | ૦૧ | ૦૦ | ૧ | ૦૧ | ૦૦ |

## આરણ્યક

શૈશવ દ્વારા નર્મદા જિલ્લાના ડેડીયાપાડા તાલુકાના ગામોમાં દોઢ-બે વર્ષ પૂર્વે બાળકો સાથે કાર્યનો પ્રારંભ કર્યો ત્યારે ૬ ગામોમાં બાળકોને ઘરઆંગણે, ૮ આશ્રમશાળાઓમાં અને ૨ પ્રાથમિક શાળાઓમાં વિવિધ પ્રવૃતિઓ ઉત્સાહભેર શરૂ થઇ અને કાર્ય ધીમે ધીમે ગતિ પકડી આગળ વધી રહ્યું તો આ વિસ્તારમાં લાંબા ગાળાના કાર્યો માટે 'આરણ્યક' કાર્યક્રમની વિભાવના વિકસાવી લોકો વચ્ચે પહોંચ્યા ત્યારે અચાનક આવી પડેલ કોવિડ-૧૯ ની મહામારીએ કાર્યને વ્યાપક અસર પહોંચાડી! અનિયમિતતાઓનો દોર શરૂ થયો! શાળા શિક્ષણ પ્રત્યક્ષ મળશે કે નહીં? બાળકો ઓનલાઇન શિક્ષણ કેવી રીતે મેળવશે? નહીં મેળવી શકે તો શું કરશે? કોવિડ-૧૯ મહામારી આ વિસ્તારમાં વ્યાપક બનશે તો આવા અનેક પ્રશ્નો મૂંઝવી રહ્યા હતાં.

આ જો અને તો ની પરિસ્થિતિમાં એક એક ડગલું ખૂબ વિચારીને ભરવું પડે!કાર્ય શરૂ રાખવું?રાખવુ તો કેવી રીતે અને કયાં સુધી? કાર્યકરોને ટકાવવા શું કરવું?આ બધી મુંજવણો તો બીજી બાજુ લોકડાઉન અને વેપાર-ધંધા-રોજગાર પણ બંધ અથવા અંશતઃ ચાલે! અહિંયા દૈનિક રોજી-રોટી મેળવતા કુટુંબોની સ્થિતિ દયનીય બની રહી હતી ત્યારે શૈશવના બાલદોસ્ત અંકલેશ્વરના ડો. હરેશભાઇ શાહ અને તેઓના સાથીઓની મદદથી ગામના અતિ જરૂરિયાતવાળા ૨૬૭ કુટુંબોને પ્રથમ તો રાશનકીટ પહોંચાડવાનું કાર્ય કરવામાં આવ્યું! આ સમગ્ર જવાબદારી ત્યાની સ્થાનિક ટીમે સ્વયં નેતૃત્વ લઇ પાર પાડયું! અમારી કસોટીની એ પળ ગૌરવમય બની!

જો કે કોરોનાની શરૂઆતમાં અને પછી પણ આ ગામોમાંથી મર્યાદિત કેસજ આવ્યા પણ ગામોમાં એકમેકના સથવારે તેઓએ સ્વયંભૂ બંધ પણ રાખ્યા! આપણું કામ બંધ થયુ પણ પછીથી ગામના જઆગેવાનો, સરપંચોને વાલીઓને થયું કે ઓનલાઇન શિક્ષણ તો આપણા બાળકો માટે વિશેષ પડકાર છે. નેટવર્ક -ઇન્ટરનેટના પ્રશ્નો, સ્માર્ટફોનના પ્રશ્નો, ટીવી હોય તો ઇલેકટ્રીસીટી કનેકટીવીટી હોય અથવા ના હોય આ સંદર્ભમાં સૌને સાથે રાખી ગામના ફળિયાઓમા નાના-નાના જૂથોમાં જુદા-જુદા સમયે બાળકોને બોલાવી શૈક્ષણિક કાર્ય તથા વિવિધ પ્રવૃતિઓ શરૂ કરી. આ પહેલને વાલીઓએ વધાવી લીધી. ખાસ કરીને નીચલા ધોરણોના બાળકોને અભ્યાસના પ્રશ્નો વિશેષ હતાં. હજુ થોડુ શીખ્યા ના શીખ્યા અને શાળાઓ બંધ થઇ, શીખેલું ભૂલાઇ રહ્યુ હતું. નવેસરથી જ એકડો શરૂ કરવાનો થયો.

પરિસ્થિતિને સમજવા અમે સર્વે કર્યોઇ ૩૦૭ કુટુંબોમાંથી ૫% પાસે મોબાઇલ ફોન ન હતા, ૨૫% કુટુંબો પાસે સાદા મોબાઇલ ફોન હતા, ૬૯% કુટુંબો પાસે મર્યાદિત ઉપયોગ થાય તેવા સ્માર્ટફોન હતા પરંતુ નેટવર્ક/ઇન્ટરનેટ મેળવવું મોટો પડકાર હતો, તો વળી મોટાભાગના પ્રિપેઇડ એટલે રીચાર્જ કરાવવાના-પૈસા ખરચવાના પણ મોટા પ્રશ્નો હતાં.

જો કે કાર્યકરોએ વિશેષ કાળજી લેવાની શરૂ કરી.બાળકો માસ્ક પહેરે, સાબુથી હાથવારંવાર ધૂએ તે માટે વધુ આગ્રહ કરતા થયા. આ બાળકો જાતે શીખે-જાતે કંઇક કરતા થાય એ માટે સંસ્થા દ્વારા ૧૨૫ ઉપરાંત પ્રવૃતિઓ સાથેની શૈક્ષણિક કીટ બનાવવામાં આવી હતી તે પણ અહીંયા બાળકોને વિતરણ કરવામાં આવી, એની સાથે માસ્ક પણ આપ્યાં પરિણામે માસ્ક પહેરવાની નિયમિતતા વધી પણ તેમ છતાં મુશ્કેલીઓ તો હતી જ. બાળકો આવે ત્યારે પ્રવૃતિ કીટ લઇને આવે, એમાંથી પ્રવૃતિઓ કાર્યકરની મદદથી કરે-શીખે-જાતે બનાવે આમ તેઓને ખૂબ જ મઝા આવે. રસ પડે અને વ્યસ્ત રહેતાં થયાં. સમય કયાં પસાર કરવો તે પ્રશ્ન થોડો હળવો થયો.

શિક્ષકો શાળામાં આવે-ઓનલાઇન શિક્ષણ કરાવે, પણ તેમાંના ઘણાં ઉત્સાહી અને બાળપ્રેમી શિક્ષકો આપણા કાર્યકરોનુ જોઇ ફળિયામાં બાળકોને ભણાવવા આવવાનું શરૂ કર્યુ!કાર્યકરો બાળકો ભેગા કરી દે, આમ શિક્ષકો અને કાર્યકરોની અરસપરસ જુગલબંધીનો પ્રયાસ સ્તુત્ય બની રહ્યો.

વચ્ચે શાળાઓ શરૂ થતાં બાળકો પ્રવૃતિ કીટ લઇને શાળાએ જાય, શિક્ષકોને પણ પ્રવૃતિ કીટ ખૂબ ગમી. શાળાઓ શરૂ થતાં આપણાં કાર્યકરોએ પોતાના સમયમાં ફેરફાર કર્યા, આપણી પ્રવૃતિઓ તો પૂરક હતી. જો કે આશ્રમશાળાઓ તો બંધ જ રહી. કોવિડ-૧૯ ના ઉતાર-ચડાવ પ્રમાણે કામ ચાલે-ના ચાલે આવું થતું રહ્યુ! પરંતુ તેમ છતાંય ફળિયા શિક્ષણ ઉપકારક બની રહ્યું.

અહીંયા ગામોમાં સમૂહજીવનની સંસ્કૃતિ, જ્યારે શાળાઓ ચાલુ હતી ત્યારે દર વર્ષે બાળકો માટે સમૂહભોજન-વનભોજન કાર્યક્રમ થાય!કોવિડ ને કારણે બાળકો નિરાશ હતાં.આ વર્ષે કાર્યક્રમ નહીં થાય! બાળકો કાર્યકરોને વિનંતી કરે, અમને પણ થાય કે કંઇક કરવું રહ્યું પણ સરકારી ગાઇડલાઇનને લીધેકશું કરી શકીએ નહી. બાળકોને સમજાવીએ-ધીરજ રાખવા કહીએ!અને બાળકોની પ્રાર્થના ફળી... સામરપાડા અને થપાવી ગામમાં સ્વયંપાક-વનભોજન ગોઠવી શક્યાં... કાર્યક્રમમાં બાળકોની ભાગીદારી... બાળકો ઘરેથી મૂઠ્ઠીભર ચોખા અને દાળ લઇ આવ્યા, બાકીનું સંસ્થાએ ભેગું કર્યુ, ગામમાંથી થોડા યુવા મિત્રો પણ જોડાયા અને ગામથી દૂર સીમમાં-ખુલ્લા ખેતરોમાં વૃક્ષોની નીચે કાર્યક્રમ થયા... બાળકો ખૂબ રમ્યા, ગીતો ગાયા, વૃક્ષો પર ચડયા-ઉતર્યા, સાથે મળીને વનભોજન બધાએ તૈયાર કર્યુ તો 'સાથે રમીએ સાથે જમીએ' પ્રાર્થના સાથે ભાવતા ભોજન સાથે આનંદ માણ્યો!આ સમૂહ ભાવના-બધા જ મારાં એ પ્રેમ ટકી રહે!

આ સમય દરમ્યાન ગામમાં સર્વે કર્યા કે ગામમાંથી કેટલા બાળકો મજૂરી કરવા જાય છે-શાળામાં ભણતા નથી જેથી તેઓને સમજાવવાના-શાળામાં પરત આવે તેની મથામણ શરૂ કરી. જો કે સ્થિતિને કારણે દુઃખ થાય-મા-બાપને રોજી મળે/ના મળે એ સ્થિતિમાં બાળકનેતો વાપરવાના પૈસા ક્યાંથી મળે ? બાળક કપાસ વીણવાની કે નાની-મોટી છૂટક મજૂરી જાતે કરી લે, થોડા પૈસા ભેગા કરી આવે અને પછી મોજથી વાપરે!

ગામમાં કેટલાની પાસે સ્માર્ટફોન-મોબાઇલ ફોન છે તેનો પણ સર્વે કર્યો પણ બહુ ઓછા લોકો પાસે સ્માર્ટફોન!તેમ છતાંય વોટસઅપ નંબર પણ મેળવ્યા કે જેથી તેઓ સુધી તો આપણે પણ ઓનલાઇન પ્રવૃતિઓ મોકલી શકીએ!

## આંકડાકીય માહિતી

પ્રવૃતિમાં સહભાગી થયેલ બાળકોની સંખ્યા

| ક્રમ | ગામનું નામ | છોકરીઓની સંખ્યા | છોકરાઓની સંખ્યા | કુલ |
|---|---|---|---|---|
| ૧ | સામરપાડા | ૬૧ | ૫૨ | ૧૧૩ |
| ૨ | સામરપાડા (નવી વસાહત) | ૧૦ | ૦૭ | ૧૭ |
| ૩ | થવાપી | ૨૩ | ૨૫ | ૪૮ |
| ૪ | પોમલાપાડા | ૬૮ | ૭૧ | ૧૩૯ |
| ૫ | પોમલાપાડા (નવી વસાહત) | ૦૩ | ૦૯ | ૧૨ |
| ૬ | સેજપુર | ૨૧ | ૧૭ | ૪૮ |
| | કુલ | ૧૮૬ | ૧૮૧ | ૩૬૭ |

# વર્ષ ૨૦૨૦-૨૦૨૧માં મળેલી દાનની યાદી

| ક્રમ નં | નામ | સ્થળ | રૂપીયા |
|---|---|---|---|
| ૧ | મર્સીડીઝ બેંઝ ઇન્ડીયા લી. | પુણે | ૨૫,૦૦,૦૦૦ |
| ૨ | એસ્ટેટ ઓફ ઇન્દુ ચંદ્રકાન્ત પારેખ | મુંબઇ | ૫,૦૦,૦૦૦ |
| ૩ | મધુ સીલીકા પ્રા. લી. | ભાવનગર | ૧,૫૦,૦૦૦ |
| ૪ | વર્ષાબેન શાહ | વડોદરા | ૫૦,૦૦૦ |
| ૫ | સ્ટીલકાસ્ટ લીમીટેડ | ભાવનગર | ૫૦,૦૦૦ |
| ૬ | શ્રીમદ રાયચંદ્ર એજ્યુકેશનલ ટ્રસ્ટ | વલસાડ | ૨૫,૦૦૦ |
| ૭ | ફુલચંદ પી. તંબોલીચેરીટેબલ ટ્રસ્ટ | ભાવનગર | ૨૧,૦૦૦ |
| ૮ | ડો. કલ્પેશભાઇ શાહ | વડોદરા | ૧૫,૦૦૦ |
| ૯ | ઓમશાંતિ ટ્રસ્ટ | ભાવનગર | ૧૧,૦૦૦ |
| ૧૦ | પ્રતિભાબહેન વિક્રમભાઇ શાહ | નડિયાદ | ૧૧,૦૦૦ |
| ૧૧ | રેખાબેન પંકજભાઇ શાહ | મુંબઇ | ૧૧,૦૦૦ |
| ૧૨ | મનોજભાઈ ડી. આનંદપુરા | અંકલેશ્વર | ૧૧,૦૦૦ |
| ૧૩ | ડો. ભરતભાઇ એન. પંચાલ | ભાવનગર | ૧૦,૦૦૦ |
| ૧૪ | સુમિટોમો કેમીકલ્સ ઇન્ડીયા લીમીટેડ | ભાવનગર | ૧૦,૦૦૦ |
| ૧૫ | રામચંદ્રરાય પંચોલી | ભાવનગર | ૧૦,૦૦૦ |
| ૧૬ | પ્રવિણચંદ્ર ઠક્કર | વડોદરા | ૧૦,૦૦૦ |
| ૧૭ | શ્રીમતિ રાધીકાબેન હિમ્મતલાલ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ | વડોદરા | ૧૦,૦૦૦ |
| ૧૮ | લલીતાબેન હસમુખલાલ શાહ | વડોદરા | ૧૦,૦૦૦ |
| ૧૯ | હેમંતબેન પટેલ | વડોદરા | ૧૦,૦૦૦ |
| ૨૦ | યુગ ઉમંગ શાહ | રાણાસણ | ૧૦,૦૦૦ |
| ૨૧ | કૈરા ભુપેન્દ્રભાઇ પારેખ | ભાવનગર | ૧૦,૦૦૦ |
| ૨૨ | ગોલ્ડલાઇન કોમ્પ્યુટર પ્રા. લી. | ભાવનગર | ૯,૦૦૦ |
| ૨૩ | શ્રી ત્રંબકલાલ સુંદરજી કામદાર ચેરીટેબલ ટ્રસ્ટ | ભાવનગર | ૯,૦૦૦ |
| ૨૪ | બીમલભાઇ પી. શેઠ | વડોદરા | ૭,૫૦૦ |
| ૨૫ | મયંકકુમાર શાંતિલાલ પંડ્યા | ભરૂચ | ૫,૧૦૦ |
| ૨૬ | ડો. ભરતભાઇ એમ. શાહ | અમદાવાદ | ૫,૦૦૦ |
| ૨૭ | નોએલ બેન્નો જોસેફ | કેરલા | ૫,૦૦૦ |
| ૨૮ | બંકિમભાઇ શેઠ | ભરૂચ | ૫,૦૦૦ |
| ૨૯ | યજ્ઞેશકુમાર એ. પટેલ | ગોધરા | ૫,૦૦૦ |
| ૩૦ | ડો. જયશ્રીબેન અજયભાઇ શાહ | જઘડિયા | ૫,૦૦૦ |
| ૩૧ | શિલ્પા જે. મહેતા ફાઉન્ડેશન | મુંબઇ | ૩,૫૦૦ |
| ૩૨ | હરસુખ બી. મહેતા ચેરીટેબલ ટ્રસ્ટ | મુંબઇ | ૩,૫૦૦ |
| ૩૩ | અમુલભાઇ અનંતરાય દવે | સુરત | ૩,૦૦૦ |
| ૩૪ | પહલ જન સહયોગ સંસ્થાન | ઇન્દોર | ૩,૦૦૦ |
| ૩૫ | ડો. નિરજભાઇ એ. જોશી | ભાવનગર | ૨,૦૦૦ |

| | | | |
|---|---|---|---|
| ૩૬ | ફાલ્ગુનીબેન એન. જોશી | ભાવનગર | ૨,૦૦૦ |
| ૩૭ | પૃથા એન. જોશી | ભાવનગર | ૨,૦૦૦ |
| ૩૮ | પાર્થવી એન. જોશી | ભાવનગર | ૨,૦૦૦ |
| ૩૯ | અરવિંદભાઇ જે. જોશી | ભાવનગર | ૨,૦૦૦ |
| ૪૦ | સુરજભાઇ મહેતા | ભાવનગર | ૨,૦૦૦ |
| ૪૧ | સાધનાબેન આર. શાહ | અમદાવાદ | ૨,૦૦૦ |
| ૪૨ | નિધી અગ્રવાલ | ન્યુ દિલ્હી | ૨,૦૦૦ |
| ૪૩ | સંજયભાઇ જે. પટ્ટણી | ભાવનગર | ૨,૦૦૦ |
| ૪૪ | સંજયભાઇ દેસાઇ | ભાવનગર | ૨,૦૦૦ |
| ૪૫ | નંદિનીબેન પટ્ટણી | ભાવનગર | ૧,૫૦૦ |
| ૪૬ | આદિત્ય એસ. પટ્ટણી | ભાવનગર | ૧,૫૦૦ |
| ૪૭ | યામિનીબેન દેસાઇ | ભાવનગર | ૧,૫૦૦ |
| ૪૮ | શ્રેયશભાઇ દેસાઇ | ભાવનગર | ૧,૫૦૦ |
| ૪૯ | કિરીટભાઇ સંઘવી | મુંબઇ | ૧,૫૦૦ |
| ૫૦ | નેહા પરીખ | ભરૂચ | ૧,૫૦૦ |
| ૫૧ | લતા બરાસ્કર | ભોપાલ | ૧,૨૦૦ |
| ૫૨ | છાયાબહેન મયંકભાઇ પંડયા | ભરૂચ | ૧,૦૦૧ |
| ૫૩ | પાર્થ શેઠ | જઘડિયા | ૧,૦૦૧ |
| ૫૪ | થીલા ગવાઠી | તમિલનાડુ | ૧,૦૦૦ |
| ૫૫ | સર્જકભાઇ દેસાઇ | ભાવનગર | ૧,૦૦૦ |
| ૫૬ | નંદીકેશભાઇ મહેતા | ભાવનગર | ૧,૦૦૦ |
| ૫૭ | મીતુલભાઇ ચંદ્રકાન્તભાઇ પંડયા | ભાવનગર | ૧,૦૦૦ |
| ૫૮ | રશ્મી ડી. ગોહેલ | ભાવનગર | ૧,૦૦૦ |
| ૫૯ | લિપીકા દાસ | વેસ્ટ બંગાલ | ૧,૦૦૦ |

## વિદેશ માંથી મળેલી દાનની યાદી

| | | | |
|---|---|---|---|
| ૧ | ઇન્ડીયા ડેવલોપમેન્ટ સર્વિસ | USA | ૨૩,૭૮,૫૦૮ |
| ૨ | જોન વેટલશન | નોર્વે | ૨૨,૨૪૫ |

# FINANCIAL STATEMENT 2020-21

| Funds & Liabilities | AS ON 31.03.2021 | AS ON 31.03.2020 |
|---|---|---|
| Trust Funds or Corpus | 13,20,581.00 | 7,70,581.00 |
| Other Earmarked Funds | | 1,12,78,343.40 |
| (a) Building Fund | 1,12,78,343.40 | |
| (b) Non Recurring | 57,01,848.00 | 55,34,658.00 |
| (c) Un Utilized Fund | 25,15,787.65 | 15,43,347.54 |
| (d) Aaranayak Project Fund | 19,11,122.81 | 8,05,778.00 |
| (e ) Balsena Project Fund | 24,34,251.12 | 11,61,087.54 |
| Other Liabilities | 42,27,455.86 | 39,49,163.86 |
| Income & Expenditure Account | 2,68,24,776.84 | 2,23,12,852.98 |
| **Total** | **5,62,14,166.68** | **4,73,55,812.32** |

| ASSETS | AS ON 31.03.2021 | AS ON 31.03.2020 |
|---|---|---|
| Immovable Properties | 99,35,903.00 | 99,35,903.00 |
| Furniture & Fixture | 49,73,160.00 | 48,05,970.00 |
| Unit Trust of India M. F. | 20,00,000.00 | 20,00,000.00 |
| Loan & Advance | 6300.00 | 6,300.00 |
| Income Receivable | 15,89,139.60 | 15,71,050.60 |
| Cash & Bank Balance | 3,77,09,664.08 | 2,90,36,588.72 |
| **Total** | **5,62,14,166.68** | **4,73,55,812.32** |

| EXPENDITURE | AS ON 31.03.2021 | AS ON 31.03.2020 |
|---|---|---|
| Establishment Expenses | 7,685.10 | 3,05,538.67 |
| Legal Expenses | ----------- | 40,000.00 |
| Contribution to Charity Commi. | ------------ | ----------- |
| Expenses on the Object of Trusts | 83,52,720.00 | 67,11,957.00 |
| Amts.Tr.to reserve or specific Fund | 9,72,440.11 | 13,73,888.54 |
| SurpluscarriedovertoBalanceSheet | 45,11,923.86 | 19,94,713.94 |
| **Total** | **1,38,44,769.07** | **1,04,26,098.15** |

| INCOME | AS ON 31.03.2021 | AS ON 31.03.2020 |
|---|---|---|
| Interest | 17,34,228.00 | 15,56,610.00 |
| Donation | 35,58,807.89 | 29,14,858.00 |
| Grant | 78,18,715.11 | 55,23,986.54 |
| Unit Trust of India Dividend | 80,265.07 | 1,19,961.61 |
| Training & Workshop fees | 37,771.00 | 2,60,841.00 |
| Misc. Income | 6,14,982.00 | 49,841.00 |
| Transfer From Reserved Fund | ------------ | ------------ |
| **Total** | **1,38,44,769.07** | **1,04,26,098.15** |

Place : Ahmedabad

Date : 16/09/2021

For Shaishav

Falgun Sheth
Managing Trustee

For Dilip R. Shah &Co

Dilip R. Sheth, Proprietor
Chartered Accountent

શૈશવ
બાળ અધિકાર સંસ્થા

## બાળકોના ઘર આંગણે અનેકવિધ પ્રવૃતિઓ

















વાલીઓ અને બાળકો સાથે વિસ્તારોમાં મીટીંગ





સ્માર્ટ ફોનના વિકલ્પે ટેબલેટ દ્વારા બાળકોને જૂથમાં શિક્ષણ પ્રવૃતિ



કોરોના કાળમાં જરૂરીયાત વાળા કુટુંબોને રાશન કિટનું વિતરણ



કોરોના કાળમાં બાળકો જાતે ઘરે પ્રવૃતિ દ્વારા અર્થપૂર્ણ સમય વ્યતીત કરે તે માટે શૈક્ષણિક પ્રવૃતિ કિટ નું વિતરણ



બાળકો સાથે નાના નાના જૂથમાં શૈક્ષણિક પ્રવૃતિ કિટ દ્વારા ઘર આંગણે પ્રવૃતિઓ

શૈશવ
બાળ અધિકાર સંસ્થા



બાળ પ્રવૃતિ



બાળકો દ્વારા શૈક્ષણિક કિટની પ્રવૃતિ









ચાઈલ્ડ હેલ્પ લાઇન - ૧૦૯૮ (૨૪ × ૭ ) નો બાળકો તથા વાલીઓ સાથે ઘર આંગણે પ્રચાર - પ્રસાર - પ્રવૃતિ





## આરણ્યક કાર્યક્રમ - નર્મદા જિલ્લાના ગામોમાં બાળ પ્રવૃતિઓ








| વિગત | અમલ |
| --- | --- |
| **(A) નોંધણી :** | |
| • સંસ્થાનું નામ | • **શૈશવ** |
| • રજી. સરનામું | • **આઈ.૧૦૦૩, ઈન્દ્રપ્રસ્થ, ડ્રાઈવઈન થીયેટર પાસે, થલતેજ રોડ, અમદાવાદ** |
| • કાર્ય સ્થળનું સરનામું | • **બ્લોક નં.૩, બીજે માળે, સરદાર પટેલ શોપીંગ સેન્ટર, સરદારનગર સર્કલ, ભાવનગર. ફોન : ૦૨૭૮-૨૫૬૮૫૬૧** |
| • જાહેર સંસ્થા નોંધણી નં. | • F/3462/Ahmedabad |
| • સોસાયટી રજી. નં. | • Guj/3592/Ahmedabad |
| • ઈન્કમટેક્ષ એક્ટ મુજબ ૧૨ (એ) રજીસ્ટેશન | • HQ.III/32 (S-7)93-94/ AR-8 |
| • ઈન્કમટેક્ષ એક્ટ મુજબ ૮૦ (જી) સર્ટી નં. | • DIT (E) / 80 G (5)/1057/2007-2008 |
| • ઈન્કમટેક્ષ એક્ટ મુજબ પાન એકાઉન્ટ નં. | • AABTS0865 N |
| • વિદેશી સહાય નોંધણી નં. | • 041980028 |
| • મુખ્ય બેંકનું નામ સરનામું | • દેના બેંક - ડોન બ્રાંચ, ભાવનગર<br>• આઈ.ડી.બી.આઈ. બેંક, વાઘાવાડી રોડ, ભાવનગર.<br>• યુનીયન બેંક ઓફ ઈન્ડિયા, આશ્રમ રોડ, અમદાવાદ |
| • પરદેશના દાન માટે | • દેના બેંક - ડોન બ્રાંચ, ભાવનગર |
| **(B) સંસ્થાના ધ્યેય/અભિગમની સ્પષ્ટતા અને પ્રતિબધ્ધતા** | |
| • સંસ્થાના બંધારણ અને વિવિધ અહેવાલમાં રજૂઆત | • સ્પષ્ટ અને દ્રઢ રજૂઆત |
| • કાર્યક્રમો અને પ્રવૃતિઓમાં રૂપાંતરણ | • સારી રીતે |
| • કાર્યકરો, સ્થાનિક લોકો તથા બાળકોમાં સ્પષ્ટતા અને સ્વીકૃતિ | • સભાન પ્રયત્નો |

**(C) વહીવટ અને સંચાલન સંચાલક મંડળના સભ્યો/ ટ્રસ્ટીઓ**

- ટ્રસ્ટી મંડળની યાદી અલગથી આપી છે
- ટ્રસ્ટી મંડળમાં ૫૦% થી વધુ મહિલા સભ્યો
- ટ્રસ્ટી મંડળમાં સંસ્થાના સીનીયર કાર્યકર કાયમી આમંત્રિત
- ટ્રસ્ટી મંડળમાં સ્થાનિક પ્રતિનિધિઓ કાયમી આમંત્રિત
- ટ્રસ્ટી મંડળમાં બાલસેના/તરૂણસેનાના પ્રતિનિધિઓ કાયમી આમંત્રિત
  ટ્રસ્ટી મંડળમાં બે ટ્રસ્ટી સગાં છે.
- બોર્ડના કોઈપણ ટ્રસ્ટીને ટ્રસ્ટી તરીકે કોઈપણ પ્રકારનાં ભથ્થા ચૂકવવામાં આવતાં નથી
  વર્ષ ૨૦૧૦-૨૧ દરમ્યાન ટ્રસ્ટીમંડળની ૩ મીટીંગ યોજાઈ હતી
- સંસ્થાના બે કાર્યકારી વડાઓને તેમના પૂર્ણ સમયના વ્યવસાયિક કાર્ય માટે માસિક રૂા. ૫૦,૦૦૦/- લેખે માનદવેતન ચૂકવવામાં આવે છે.

**(D) દરેક પ્રવૃતિઓ માટેના લક્ષ્યાંકો, સમીક્ષા અને સમયાંતરે મોનીટરીંગ**

- દર વર્ષે સમગ્ર સ્ટાફ દ્વારા ત્રિમાસિક, છ માસિક, વાર્ષિક આયોજન તથા રીવ્યુ કાર્યની વહેંચણી જવાબદારી તેમજ સુવ્યવસ્થિત રીતે અમલ, ગુણવત્તા પર વધુ ભાર, નિયમિત રીપોર્ટીંગ

**(E) કાર્યકારી સલાહકાર જૂથ સંસ્થામાં વિવિધ નીતિ-માર્ગદર્શન**

- બહારના નિષ્ણાંતો દ્વારા કાર્યક્રમોની નિયમિત સમીક્ષા
- રચના થઈ છે / અનિયતકાલીન મીટીંગ થાય છે.
- સંસ્થાના વીઝન / મીશન સ્ટેટમેન્ટ નિયમિત ચકાસવામાં આવે છે.
- સંસ્થાના કાર્યકરો માટેની નીતિ નિયમોની માર્ગદર્શિકા છે.
- બાળ સુરક્ષા નીતિ છે. / જેન્ડર નીતિ છે. / સ્વયંસેવક નીતિ છે.

- એકાઉન્ટ, ખરીદી, સ્ટોર, ડેડ સ્ટોક વિ. અંગેની નીતિઓ અને અમલ
- મહિલા સુરક્ષા સમિતિ, શિસ્ત સમિતિ, બાળસુરક્ષા સમિતિની રચના થઈ છે અને તેના સભ્યો સમયાંતરે બદલાતા હોય છે.

**(F) માનવ સંસાધન**

- વેતન ધોરણો — અર્થપૂર્ણ, તાર્કિક અને અમલમાં
- હાલના કાર્યકરો — પગાર ધોરણ પ્રમાણે કાર્યકરોની વહેંચણી : (માર્ચ ૨૦૧૯ પ્રમાણે)

| પગાર ધોરણ | ફુલ ટાઈમ | પાર્ટ ટાઈમ | પુરુષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|---|---|
| ૧૦૦૦૦ થી નીચે | ૧૮ | ૨ | ૫ | ૧૫ | ૨૦ |
| ૧૦૦૦૦ થી ૧૫,૦૦૦ | ૫ | ૦ | ૩ | ૨ | ૫ |
| ૧૫,૦૦૦ થી વધુ | ૬ | ૦ | ૪ | ૨ | ૬ |
| કુલ | ૨૯ | ૨ | ૧૨ | ૧૯ | ૩૧ |

- હાલના કાર્યકરોએ સંસ્થામાં ગાળેલ વર્ષ

| સંસ્થામાં વર્ષો | પુરુષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|
| ૩ થી ઓછા વર્ષ | ૪ | ૧૧ | ૧૫ |
| ૩ થી ૫ વર્ષ | ૪ | ૫ | ૯ |
| ૫ થી ૧૦ વર્ષ | ૦ | ૨ | ૨ |
| ૧૦ થી વધુ વર્ષ | ૪ | ૧ | ૫ |
| કુલ | ૧૨ | ૧૯ | ૩૧ |

- નિમણૂંક પત્રો — તમામને આપવામાં આવે છે.
- પી.એફ./ગ્રેજ્યુઈટી, રજાઓ જેવા લાભો — નિયમ મુજબ તમામ કાર્યકરોને આપવામાં આવે છે.
- પર્સનલ એકસીડન્ટ પોલીસી — તમામ કાર્યકરોની લેવામાં આવે છે.
- સ્ટાફ વેલ્ફેર પ્રવૃતિ — સ્ટાફ વેલ્ફેરની વિવિધ પ્રવૃતિઓ કરવામાં આવે છે.

- મીટીંગો
  - દર અઠવાડીયે કો ઓર્ડીનેશન મીટીંગ
  - દરેક વિભાગોની અઠવાડિક મીટીંગો
  - લગભગ દર મહિને તમામ સ્ટાફની મીટીંગ

- ક્ષમતાવર્ધન વ્યવસાયિક વિકાસ
  - ક્ષેત્રિય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ તાલીમ, કાર્યશિબિર અને કોન્ફરન્સમાં સહભાગી થવા દરેક સ્તરે પ્રોત્સાહન
  - ક્ષમતાવર્ધન માટે વાર્ષિક આયોજન મુજબ કાર્યકરોની વિવિધ તાલીમો
  - રસ રૂચિ અને અનુભવને આધારે કાર્યબદલાય અને નવા કાર્યમાં જવાબદારી / વિકાસની તકો આપવામાં આવે છે.

## (G) જવાબદેહીતા અને પારદર્શિતા

| | |
|---|---|
| • પ્રકાશનો | |
| • વાર્ષિક અહેવાલ | • દર વર્ષે પ્રકાશિત થાય છે. |
| • વાર્ષિક હિસાબો | • દર વર્ષે પ્રકાશિત થાય છે. |
| • વેબસાઈટ | • સંસ્થાની વેબસાઈટ નિયમિત રીતે મહદ્અંશે અદ્યતન કરવામાં આવે છે તેમજ પ્રવૃતિના સમાચાર તેમાં આપવામાં આવે છે. |
| **નાણાંકીય પાસાઓ** | |
| • બોર્ડ મીટીંગ વાર્ષિક બજેટ અને નાણાંકીય સમીક્ષા | • વાર્ષિક બજેટ અને નાણાંકીય સમીક્ષા દરેક મીટીંગમાં ચર્ચવામાં આવે છે. |
| • હિસાબી પદ્ધતિ | • સ્ટાન્ડર્ડ નિયમો અનુસાર અમલમાં |
| • નાણાંકીય લેવડ દેવડ | • દરેક નાણાંકીય લેવડ દેવડ અંગે રસીદ/બિલ વિ. સાથે ચોકસાઈપૂર્વક અમલમાં |
| • હિસાબી મોનીટરીંગ | • દરેક મહિને મોનીટરીંગ કરવામાં આવે છે. |
| • ચાર્ટડ એકાન્ટન્ટ દ્વારા ઓડિટ | • દર ત્રણ મહિને ઓડીટ થાય છે તેમજ વાર્ષિક ઓડીટ અને હિસાબો પ્રકાશિત કરવામાં આવે છે.<br>• ઓડીટર : શ્રી દિલીપભાઈ આર. શાહ એન્ડ કું. એ/૨૧, અજન્ટા કોમ. સેન્ટર, બીજે માળ, આશ્રમ રોડ, અમદાવાદ. |
| • બાહ્ય નિષ્ણાંતો/ સંસ્થાઓ દ્વારા મૂલ્યાંકન | • અત્યાર સુધીમાં પાંચ વાર બાહ્ય મૂલ્યાંકન કરવામાં આવ્યું છે.<br>• શૈશવ Give India/Guidestar અને Global Giving-UK/USA સાથે નોંધાયેલ છે અને સભ્યપદ ધરાવે છે. |
| • વિદેશીનાણાંકીય સહાય, આવકવેરા ચેરીટી કમિશનર શ્રી વિ. કાયદાઓની જરૂરિયાતો | • આ અંગેના કાયદાઓનું મહદ અંશે ચૂસ્ત પાલન કરવામાં આવે છે. હિસાબો નિયમિત રીતે સરકારમાં આપવામાં આવે છે. |
| • વિવિધ એવોર્ડનો સ્વીકાર | • સંસ્થાવતી સ્વીકાર |
| • હવાઈ મુસાફરી | • વર્ષ દરમ્યાન રાષ્ટ્રીય હવાઈ મુસાફરી કરવામાં આવી છે અને તેનો ખર્ચ સંસ્થામાં જે તે પ્રોજેકટ ગ્રાંટ હેઠળ તેમજ આયોજક સંસ્થાએ ભોગવ્યો છે. |

શૈશવ
બાળ અધિકાર સંસ્થા

# નાના નાના બાળ

ભલે નાના નાના બાળ અમે આજે રે, કાલ (૨)
અમે મોટા થાશું ને જગ દોરશું,
ખડતલ શરીર મન મોટું બનાવશું,
હૈયામાં હિત બધી દુનિયાનું ધારશું,
સાચા માનવ બની જીવતર જીવશું... અને.

ઊચનીચ ભેદો આ દુનિયા ના ટાવળા,
નાતો જાતો ને ધર્મ વાડાઓ તોડવા
બધી શક્તિ અમારી વિશ્વ ચરણે ધરશું... અમે.

જગના અંધારને દૂર દૂર હાંકવા,
સાચા તે જ્ઞાનના દીવા પ્રગટાવવા
અમે જાતે સળગી ઘરે ઘરે ઘુમશું... અમે.

પૈસાના જોર આજે માનવી મપાય છે,
કોઈ કરે કામ કોઈ બેસીને ખાય છે
કરી સર્વોદય સાચો સમાજ રચીશું... એમ.



*જીવીએ ત્યાં સુધી શીખીએ*
-શ્રી રામકૃષ્ણ પરમહંસ